Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 19 - Issue : 1

October, 2014



'ભાઈ નંદુભાઈએ જો મને પ્રેમથી આરામ આપ્યો ન હોત, તો આ જે બે વર્ષમાં શ્રીહરિ- કૃપાથી સર્જન થયું છે તે કદાપિ બની શક્યું ન હોત. આશ્રમનાં બધાં જ કામકાજમાંથી હું તો હવે નિવૃત્ત જેવો જ છું.

ભાઈ નંદુભાઈ તો હવે મારા માટે શ્રીભગવાનની કૃપા-પ્રસાદી છે. હવે તેઓ જ કર્તાહર્તા છે.'

- શ્રીમોટા

લેખકના બે બોલ 'મોહ' પ્ર. આ., પૃ. ૧૩



સ્વદોષો જાણ્યા વિના કેમ થાય મન શુદ્ધ,
મનશુદ્ધિ વિણ જ્ઞાન ના, કાં ભૂલે દુર્બુદ્ધ.

એક ભાવથી જે ભજે ગુરુને નિઃસંદેહ,
પામે સકલાભીષ્ટ ને થાય મુક્ત નર તેહ.

દર્શનમાત્રે એહના પાપી પાવન થાય,
કરતાં સેવા ભાવથી જન્મ મરણ ભય જાય.

સર્વ સમર્પણ પ્રભુપદે એ જ પૂજન ગણાય,
સત્કર્મે પ્રીતિ સદા, શ્રદ્ધા નિર્મળ માન.

- શ્રીરંગ અવધૂત



'સદ્ગુરુ વાક્સુધા', બી. આ., માંથી સાભાર

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ સંપર્ક : શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : હરિવાણી ટ્રસ્ટ**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિઃૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯

* Subject to Ahmedabad Jurisdiction

**વર્ષ : ૧૯ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૧૪**

## અનુક્રમ

૧. પદ્યપ્રસાદી ........ શ્રીમોટા ૪
૨. તરણામાંથી મેરુ : શ્રીમોટા (૧) ..... સોમાભાઈ ભાવસાર ૫
૩. લેખકના બે બોલ : જીવન પોકાર ........ શ્રીમોટા ૭
૪. જીવન્મુક્તિ ........ શ્રીરંગ અવધૂત ૮
૫. માતૃભાવે સર્વની સેવા કરો ........ સ્વામી સદાશીવ ૯
૬. પૂજ્ય શ્રીમોટા સાથે... ........ શ્રી નંદુભાઈ ૧૦
૭. શાસ્ત્રો ભણવાના સ્ત્રીઓના અધિકાર અંગે ...... શ્રીમોટા ૧૩
૭. સર્વધર્મસમભાવ ........ ગાંધીજી ૧૪
૯. હૅબિટ : ટેવ વિશે ........ શ્રીમોટા ૧૭
૧૦. મારા ફેફરુંના રોગનાં કારણો ........ શ્રીમોટા ૧૮
૧૧. નામસ્મરણથી રોગ મટ્યાની 'થીઅરી' ........ શ્રીમોટા ૨૦
૧૨. શરત ........ (ભાવાનુવાદ) બાબુ સરકાર ૨૨
૧૩. સંતની ચાની પ્રસાદી ........ પ્રભુદાસ જાની ૨૩
૧૩. 'સાવિત્રી' એક પરિચય ........ શ્રી અંબાલાલ પુરાણી ૨૫

## ઉલ્લેખનીય સહયોગ

**પૂજ્ય શ્રીમોટાના જન્મદિન તા. ૪, સપ્ટેમ્બર નિમિત્તે 'હરિવાણી ટ્રસ્ટ'ને રૂ. ૫૦૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજારનો સહયોગ અજ્ઞાત રહેવા ઈચ્છતા ભાવનાયુક્ત પરિવાર તરફથી પ્રાપ્ત થયો છે, તે બદલ એ પરિવારના અમો ઘણા ઘણા આભારી અને ઋણી છીએ.**

**-સંપાદક**

# (૧) પદ્યપ્રસાદી

**શ્રીમોટા**

(અનુષ્ટુપ)

(૧)

હરિ કદી ન કહે પોતે 'મને ભજો તમે બધાં',
ગરજ જો તમારી હો તો તો તમે ભજો સદા,
તે આવે છે કહેવા ના કે મારી પ્રાર્થના કરો,
તમારી દિલ સ્વેચ્છાએ જે હો કરવું તે કરો.

(૨)

આપણા દુઃખના કર્તા પોતે શા આપણે છીએ !
છતાં એનો બધો દોષ ઠાલવીએ બીજા પરે,
કર્મનું તે પરિણામ ભોગવવું પડે સદા,
-પોતાનાં આપણાં કર્મો થકી સંસારમાં તદા.

(૩)

સંસારના લબાચામાં ક્યાં સુધી પડ્યા રહી,
લાડવો મેળવ્યો શો ? જે કૃપાથી લક્ષ લો ચહી,
પ્રભુને ભજવાથી તો જોઈતું મળતું સહી,
ગપ્પાં છે આ ન તે માત્ર, તેનો સાક્ષી હું જીવતો.

(૪)

વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું,
મૃત્યુ ટાણે તમો પદે સંદેશો મૂકતો જઉં.
શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !
જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.

'ભાવજ્યોતિ', પ્ર. આ., પૃ. ૭,૪૬,૧૦૭,૧૦૯ ❑

(૧)

સંભાર્યા હરિ વિના તો કર્મપ્રારંભ થાય ના,
કર્મ જ્યાં જે થતું હોય ત્યારેય હરિ યાદ ત્યાં,
થતાં, થયેલ સૌ કર્મ પાછાં શ્રીહરિનાં પદે
—સમર્પીને, થવાનું છે હળવાફૂલ અંતરે.

(૨)

'જન્મવું, જીવવું, પાછું મરવું', ક્રમ નિત્યનો,
એવા જટિલ સંસારે ભજવો હરિ દોહ્યલો,
છતાં કોઈક તો એવા હરિને ભજનાર છે,
ભજતાં ભાવથી કર્મ કર્યે જતા જ હોય છે.

(૩)

સંસાર યોગ્ય ભૂમિકા-કામ, ક્રોધાદિ, મોહને
—જીવને પાડવા મોળા-નિશ્ચયાત્મક જાણજે,
હરિસ્મરણ ને ભાવભક્તિ જ્યાં મોખરે થતાં,
આપમેળે પડે મોળા હોવા સંસારમાં છતાં.

(૪)

નામના જેટલું મોટું સાધન, બીજું કોઈ ના,
નામીથી નામ મોટું છે, લાગે સાચું ન તે છતાં-
નામથી નામી તો કેવો તે ઓળખાય છે બધે !
તેથી માહાત્મ્ય જાણીને નામનું, નામ લીધું છે.

'ભાવકણિકા', પ્ર. આ., પૃ. ૨,૧૧,૨૧,૮૧ ❑

**જરૂરી જાણકારી**

(૧) 'હરિવાણી ટ્રસ્ટ'નું નવું ઇ-મેઇલ એડ્રેસ નીચે મુજબ છે :-
**www.hariwanitrust@gmail.com**

(૨) હરિઃૐ આશ્રમ સુરતની વેબસાઇટ
**www.hariommota.org**
ઉપર 'હરિભાવ' પ્રકાશનની તારીખે ઉપલબ્ધ હોય છે.

# (૨) તરણામાંથી મેરુ : શ્રીમોટા (૧)

**સોમાભાઈ ભાવસાર**

*(પૂજ્ય શ્રીમોટાના દેહસંબંધે નાના ભાઈ શ્રી સોમાભાઈ બાલસાહિત્યના જાણીતા લેખક હતા. પ્રવાસવર્ણનો અને જીવનચરિત્રો એમણે લખેલાં છે. પૂજ્ય શ્રીમોટાના જીવનના પ્રસંગો લઈને તેઓએ જે જીવનચરિત્ર **'તરણામાંથી મેરુ'** લખેલું એ ખૂબ જ લોકપ્રિય બનેલું. અત્યાર સુધીમાં તેની આઠેક આવૃત્તિ અને સત્તરહજાર જેટલી પ્રત પ્રકાશિત થયેલ છે.*

*આ લખાણનું બહુમૂલ્ય એ રીતે છે કે શ્રી સોમાભાઈનું આ લખાણ શ્રીમોટાએ રસપૂર્વક સાંભળ્યું હતું. હપતાવાર સંકલિત અંશો ક્રમશઃ પ્રકાશિત કરવાનો આ પ્રારંભ છે. **-સંપાદક)***

શ્રીમોટાનો જન્મ સંવત ૧૯૫૪ના ભાદરવા વદ ચોથને શનિવારે તા. ૪-૯-૧૮૯૮ના રોજ સાવલી મુકામે થયો હતો. માતાનું નામ સૂરજબા અને પિતાનું નામ આશારામ. જ્ઞાતિએ ભાવસાર પણ ભજનાંનદી હોવાથી આશારામ ભગત તરીકે સૌ ઓળખે. શનિવારે જન્મેલા એટલે ઘણા લોકો એને 'શનિયો' કહીને બોલાવતા. નામ તો ચૂનીલાલ પાડેલું પણ સૂરજબા એને ચૂનિયાના નામે જ બોલાવતાં.

બાળપણમાં આંગણામાં રમતા હતા તે સમયે એક સાધુપુરુષનું ધ્યાન તેમના તરફ ગયું. ડાબા હાથે કાંડા ઉપર મોટું કાળું લાખું અને હાથની રેખામાં ત્રિશૂળ જોઈને ભવિષ્યવાણી ઉચ્ચારી કે આ કોઈ મોટો માણસ કે મોટો સાધુ થશે.

સાવલીમાં જે મકાનમાં શ્રીમોટાનો જન્મ થયો હતો, તે બે માળનું મકાન આજેય હજી ઊભું છે અને શ્રીમોટાના બાપદાદાની જાહોજલાલીની સાક્ષી પૂરે છે. રંગરેજનો-રંગાટીનો ધંધો સારો ચાલતો હતો. દૂધ માટે ગાય અને બહારગામ વેપારધંધાર્થે જવા માટે એક ઘોડી પણ રાખેલી.

મોટાનું બાળપણ સારી રીતે પસાર થતું હતું. ખાવાનું સ્વાદવાળું ભાવે એટલે સૂરજબા એને **'સ્વાદિયો'** કહેતાં. વળી, ઝીણી ઝીણી વાતોની પૂછપરછ કર્યા કરે એટલે **'ઝીણિયો'** પણ કહેતાં.

દાદા ભાઈચંદભાઈના અવસાન બાદ વહીવટના કારણે દેણદારો રકમો આપતા નહિ અને લેણદારોની ઉઘરાણી-તકાદા વધતા ગયા. મોટાની આઠેક વર્ષની ઉંમરે પરિવારે સાવલી છોડી પંચમહાલના કાલોલ ગામે નિવાસ કર્યો. સાવલીના મોટા મકાનના બદલે સરિયામ રોડ ઉપરના એક જ ખંડ અને ઓસરીવાળા ઘરમાં કુટુંબ ગોઠવાઈ ગયું. બાજુમાં જ મોચી પરિવારનો વસવાટ અને સતત ચામડાની ગંધ આવતી.

આશારામે કપડાં રંગવાનુ કામ શરૂ કર્યું અને સૂરજબાએ મોટા ઘરના લોકોના ઘરનાં દળવા-ખાંડવાનાં-પાણી ભરવાનાં કામ શરૂ કર્યાં. મોટા ઉંમરમાં નાના હતા પણ સૂઝ મોટા માણસ જેવી હતી. તેમને થયું કે તેમણે પોતે પણ કંઈક કમાઈને ઘરખર્ચમાં મદદ કરવી જોઈએ. ઈંટવાડામાં ગરમ ગરમ ઈંટો કાઢવાનું, કડિયાકામનું, ખેતરમાં કપાસ કાઢવાનું-જે મળ્યું તે કામ કંટાળ્યા વિના કરવા માંડ્યું. ક્યારેક મજૂરીની રકમ પૂરેપૂરી ન અપાય. પણ હિંમત સાથે કામ કરે અને સાથોસાથ ભણવામાં પણ આગળ રહે. અભ્યાસમાં નબળા સાથી બાળકોને ભણાવતા, એ રીતે મદદરૂપ બનતા.

ચાર ધોરણ સુધીના અભ્યાસ બાદ ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલમાં ભણવા માટે ફી આપવી પડે. ફીનો ખર્ચ કાઢવા સ્કૂલમાં પટાવાળાનું કામ

સ્વીકારી ભણવાનું ચાલુ રાખ્યું. પ્રથમ નંબરે પાસ થઈ ઈનામો પણ મેળવતા. ભણવાનું કાર્ય વહેલું પૂરું થાય એ હેતુથી ચાર ધોરણનો અભ્યાસ તો મોટાએ દોઢ વર્ષમાં પૂર્ણ કર્યો. પરીક્ષા આપવાની બાકી હતી.

શિક્ષણખાતાના અમલદાર સ્કૂલની વિઝિટે આવતાં નમ્રભાવે માગણી કરી તેઓએ પહેરેલી પાઘડી મઘમઘતા લાલ રંગે રંગીને આપેલી, પછી પોતાની વિગતો જણાવી અને ચાર ધોરણનો અભ્યાસ જે દોઢ વર્ષમાં પૂર્ણ કરેલો તેની પરીક્ષા આપીને ઉત્તીર્ણ પણ થયા.

સંગનો રંગ લાગે એ ઉક્તિ અનુસાર સ્કૂલમાં સાથી વિદ્યાર્થીઓ રિસેસમાં ચવાણું કે મીઠાઈ વગેરે ખરીદ કરીને જે ખાતા હતા તે જોઈને શ્રીમોટાને પણ ખાવાનું મન થવા માંડ્યું. છેવટે સૂરજબા લોકોનાં દળણાં-ખાંડણાં કરીને જે તે રકમ એક કુલડીમાં રાખતાં હતાં તેમાંથી ચાર પૈસા ચોરીને રિસેસમાં સેવમમરા લઈને ખાધા. પણ મનમાં થયું કે આવી રીતે ચોરી કરવી સારી નહિ એટલે સૂરજબા સમક્ષ ગૂનો કબૂલ કરી લીધો. માતાએ ઠપકો આપી ભવિષ્યમાં એવું નહિ કરવા તાકીદ કરેલી.

એક વખત પરીક્ષા સમયે એક ગરીબ બાળકને મદદરૂપ થવાની ભાવનાથી ગણિતના દાખલા ગણેલી પોતાની નોટબુકમાંથી ચોરી કરવા આપતાં સુપરવાઇઝરે પકડી પાડેલ. હેડમાસ્તર સમક્ષ રડતાં રડતાં પ્રથમ વખતની ભૂલ કબૂલ કરી માફી માગેલી. હેડમાસ્તરને પરિસ્થિતિનો ખ્યાલ આવતાં ઠપકો આપીને મોટાને જતા કરેલા.

મોટા, નાની ઉંમરે ખેતરના કામમાં મોટા માણસ જેટલું કામ આપે પણ રોટલા ખાવાના સમયે નાનો છોકરો ગણી તે પ્રમાણે ઓછું ખાવાનું આપતા. અને જો કહે કે તમે કામ તો મોટા માણસ જેટલું કરાવો છો અને ખોરાકમાં નાના છોકરા જેટલું કેમ આપો છો ? તો ખેતરમાલિક તરત કહે કે 'તો કાલથી ના આવતો.' પણ મોટાને ગરજ હતી એટલે અન્યાય સહી લેવો પડતો હતો.

કાલોલની શાળામાં મોટા ભણતા હતા. આ શાળામાં મોટાના જે વણિક જ્ઞાતિના મિત્રો હતા તેમની વાડીમાં ન્યાતના જમણવાર ઘણીવાર થતા હતા. મોટાએ એક વખત મિત્રોને કહ્યું કે તમે બધા રોજ મિષ્ટાન્ન જમો છો અને એની વાતો મારી સમક્ષ કરો છો પણ એથી શું ? જવાબમાં વણિક મિત્રોએ મોટાને વાડી પાસે બોલાવી રાતના અંધારામાં છાબડી ભરીને લાડુ આપ્યા. મોટાને ઘરના સભ્યો યાદ આવ્યા એટલે મીઠાઈનો એક કણ પણ મોઢામાં મૂક્યા વિના છાબડી લઈ જઈને સૂરજબાને આપી. બાએ તરત જ મોટાનો ઉધડો લીધો અને ચોરીના લાડુ કેમ ખવાવ એમ કહી બીજે દિવસે સવારે આખેઆખી છાબડી ઝાડુવાળવાવાળા ભંગીને અપાવી દીધી. જોકે માનું હૃદય એટલે કુલેરનો (બાજરીના લોટનો) લાડુ બનાવીને મોટાને ખવડાવેલો.

મોટાને કાંઈ કામકાજ ન હોય ત્યારે કાલોલમાં ગોમા નદીના કાંઠે આવેલા મહાદેવના મંદિરમાં સાંજના સમયે જઈ એકલા એકલા તેમને આવડતાં ભજનો ગાતા. મોડે સુધી મોટા ઘેર ન આવે એટલે મા સૂરજબાને ચિંતા થતી. તપાસ કરાવતાં ત્યારે ખબર પડતી કે મંદિરમાં ભજન ગાવામાં ગાળતો હતો. ક્યારેક બા ઠપકો પણ આપતાં કે ત્યાં શું દાટ્યું છે ? પણ મોટા કશો જવાબ આપતા નહિ.

(ક્રમશઃ)

'તરણામાંથી મેરુ', આઠમી આ., માંથી સંકલન ❑

## (૩) લેખકના બે બોલ : જીવન પોકાર

શ્રીમોટા

આ પુસ્તક (જીવન પોકાર)માં જે કાગળો છપાયેલા છે, તેની પ્રસ્તાવના મેળવવા કાજે **નારેશ્વરના પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજશ્રીને** લખેલું. તેમના તરફથી લખાઈ આવ્યું કે 'આ લેખકનાં લખાણને કોઈની પ્રસ્તાવનાની જરૂર ન હોય. લેખકના જીવનના જુદા જુદા તબક્કાના તે પોતે પૂરા સાચી રીતે જાણકાર છે.' તે કારણથી આ પુસ્તકમાં કોઈનીયે પ્રસ્તાવના ન લેવાનું ઉચિત માન્યું છે. વળી તે ઉપરાંત, આ લખાણમાં આધ્યાત્મિક જીવનની કેટલીક એવી હકીકતો છે કે જેનો કોઈ અનુભવી યોગ્ય જાણકાર હોય, તે જ તેની પ્રસ્તાવના લખવાનો અધિકારી હોઈ શકે.

આ ચોપડીમાંના કાગળો એક જ વ્યક્તિને સંબોધીને લખાયેલા છે, તેમ છતાં તે માત્ર એકલી તે જ વ્યક્તિને ઉદ્દેશીને છે, તેવું કશું નથી. લેખકના જીવનની સાથે સાધનાભાવે સંકળાયેલા જીવોને સંબોધીને તે કાગળો લખેલા છે, કેટલીક વાર પરોક્ષ રીતે કહેવાયેલું આપણને વધારે અસરકારક પણ નીવડતું હોય છે. જે જે એવા જીવો જ્યારે તે લખાણ વાંચશે ને એમાંનું અમુક અમુક મુદ્દાવાળું લખાણ પોતાને જ ઉદ્દેશીને છે એમ જ્યારે તેને સમજાશે ત્યારે તેને તે વાંચીને ગતિમાં પ્રગટવા કાજે આનંદ ઊપજવાનો.

આ કાગળોમાં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં તેવું ગમે ત્યારે ફરી ફરી તેમ બની શકવું જોઈએ એવું એનું કશું ધારાધોરણ નથી હોતું. જોકે એવું બધું કંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના બનતું હોતું નથી. એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મકાર્ય કારણપરંપરા તો હોવી ઘટે. એની કાર્ય કારણપરંપરા જાણનારા કોઈ વિરલા હોય છે. આવી અદ્‌ભુત પણ સત્ય ઘટનાઓ જીવનમાં જ્યારે બનતી હોય છે ત્યારે જે જીવને તે તે પળે તે તે હકીકતોને તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું બને છે, ને તે યોગ્ય જ્ઞાનભાવે હૃદયમાં હૃદયથી પૂરું યથાર્થ સ્વીકારવાનું જો બની શકતું હોય છે, તો તેવા જીવનું ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે. જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપાતકોને ઓળખવાનું, સમજવાનું એના યથાર્થ ગૂઢ ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી, તે જીવને હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. ચોપડીમાં જણાવેલા છે એવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા તે પણ કંઈ નાનીસૂની વાત નથી. કૃપા હોવા છતાં કૃપાને તેના તેવા યોગ્ય ભાવાર્થમાં જ્યારે હૃદયથી સ્વીકારાતી નથી, ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણોને તે પોતાની મેળે થઈને તે પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે, તે પણ એક તદ્દન સત્ય હકીકત છે, ભલેને પછી તેવું તે તે જીવોથી તેના વાસ્તવિકપણામાં સ્વીકારાતું ન હોય !

આ ચોપડીનું નામ **'જીવન પોકાર'** રાખ્યું છે, તે તદ્દન યથાર્થ છે. કારણ કે, જીવનવિકાસની ભાવનાર્થે જે જે સ્વજનો મળેલાં છે, તેમને તેમને ચેતાવવા કાજે હૃદયના સાલતા ઊંડા દર્દથી જે વાણી ઉચ્ચારેલી છે, તેને તે તે સ્વજન પૂરેપૂરા ભાવથી વિચારે, સમજે ને તેને યથાર્થ વર્તનપાલનમાં મૂકવાને પ્રભુકૃપાથી કરી જ્ઞાનભક્તિભાવે જાગ્રત પૂરો તનતોડ પ્રયત્ન કરે, એવો આ પત્રોના

લખવાપણાનો હેતુ છે. સત્ય, સત્ય હોવા છતાં એનો જ્યારે હૃદયમાં હૃદયથી એના યોગ્ય ભાવાર્થમાં જ્ઞાનપૂર્વક જીવથી પૂરો સ્વીકાર થતો હોતો નથી, ત્યારે તે તેના જીવનમાં કશો ભાગ ભજવી શકતું નથી. આ હકીકતને પ્રત્યેક સાધક-સ્વજન હૃદયમાં હૃદયથી સમજે એવી પ્રાર્થના છે.

વસંતપંચમી

હરિજન આશ્રમ,

અમદાવાદ-૧૩. તા. ૮-૨-૧૯૫૪

• • •

**(બીજી આવૃત્તિ)**

તા. ૮-૨-૧૯૫૪ના સમયમાં આ **'જીવન પોકાર'** બહાર પ્રકાશમાં આવી, ત્યારે મારે છતા થવું ન હતુ.

આ ચોપડીમાં કોઈક એક મહાત્માની હકીકત લખેલી છે, તે મહાત્મા તે બીજો કોઈ નહિ, પરંતુ આ જીવ જ છે. હવે જીવનના છેલ્લે આરે છું, ત્યારે મારે શ્રીપ્રભુકૃપાથી છતા થવું, એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.

આ ચોપડીમાં તે મહાત્માની જે જે બનેલી હકીકતો લખેલી છે, તે તે પ્રત્યક્ષ અનુભવનાર હજી બધાં જ જીવતાં છે. તે હકીકત તેના સંપૂર્ણ યથાર્થપણાએ લખાઈ છે. ક્યાંયે મુદ્દલે અતિશયોક્તિ નથી.

બીજું એ વિષય પરત્વે પ્રથમ પ્રકાશનના લેખકના બે બોલમાં જે તે બધું લખાયેલું છે.

હરિઃૐ આશ્રમ,

કુરુક્ષેત્ર,

પો. રાંદેર,

તા. ૨૮-૧૦-૧૯૭૧

'જીવન પોકાર', બી. આ., ❑

## (૪) જીવન્મુક્તિ

**શ્રીરંગ અવધૂત**

કરના થા સો તો કર લીના,
અબ ના કરના ના ભરના હૈ,
જો પાના થા સો પા લીના,
અબ ના પાના ના ખોના હૈ ! ટેક.
ના જાના હૈ ના આના હૈ,
ના જીના હૈ ના મરના હૈ,
બસ આપસ હિ મેં રમ રહના હૈ,
જો આન પડે સો સહના હૈ ! ક૦૧
ના ચઢના હૈ ના પડના હૈ,
ના રોના હૈ ના હઁસના હૈ,
બસ આપહિ હાસ્ય બના ફિર,
ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ ? ક૦૨
કિસ્મત સે આન મિલે સબ,
ક્યોં નાહક જગ કો રિઝવના હૈ ?
મિથ્યા પંડત કાજી બનકર,
ના લડના હૈ લડવાના હૈ !! ક૦૩
ના ધ્યાના હૈ ના ગાના હૈ,
બસ ધ્યેયમહીં મિલ જાના હૈ,
તન અંદર આતમ દેવ બના,
ના પૂજના હે પૂજવાના હૈ ! ક૦૪
ના કહના હે ના સૂનના હૈ,
ના લેના હૈ ના દેના હૈ,
બન પત્થર પિંડ ભુલાના હૈ,
ભૂલા ભુલાના ભૂલના હૈ ! ક૦૫
ના જપના હૈ ના પઢના હૈ,
બસ જાપ અજંપા હોના હૈ,
ના સોના હૈ, ના જગના હૈ,
બેફિકર મસ્ત પડ રહના હૈ ! ક૦૬
સબ **રંગ** જગત બસરાના હૈ,
ઈત ઉત મન ના ભટકાના હૈ,
ના ડરના હૈ ના ભગના હૈ,
બસ અચલ ઠામ થિર રહના હૈ ! ક૦૭

'અવધૂતી આનંદ', ૧૩મી આ., પૃ. ૨૪૭ ❑

# (૫) માતૃભાવે સર્વની સેવા કરો

**સ્વામી સદાશિવ**

મા થઈને સર્વની સેવા કરો, પગચંપી પણ કરો. કરોડપતિની પણ સેવા કરો પણ સર્વભૂતોનાં મા સ્વરૂપ થઈને કરો. હું આટલી ખુમારીમાં રહું છું, પણ કોઈ બહેનને જોઉં છું અને તરત જ હૃદયમાં આવી જાઉં છું અને રડી પડું છું. ભગવતીના ચાર સ્વરૂપોમાં, બહેન, પત્ની, કુમારી-એમાં એનું પ્રથમ સ્વરૂપ મા છે.

એક ડૉક્ટર પતિ એની પત્નીને લાકડીથી મારે. **આ પુરુષજાત કેટલી ખતરનાક જાત છે. એણે આખો સંસાર બગાડી નાખ્યો છે.** મા કદી મારીને ન મરે, પણ સાથે મરે. મા મારીને જીવી પણ ન શકે.

એક બહેને મને એનાં પોતાના જીવનની વાત કરી. મેં એને કહ્યું, 'બહેન હવે આગળ ન બોલીશ, હું સાંભળી નહિ શકું.' પણ તું એક કામ કર. ભલે એ તારા પતિ રહ્યા, પણ તું મા બનીને પતિની સેવા કર. હરહાલતમાં એનું કલ્યાણ ઇચ્છ. જોકે તારા માટે આ મુશ્કેલ છે, પણ થોડું મનોબળ કેળવીને કેવળ એનું કલ્યાણ ઇચ્છ. પછી મેં એને 'પ્રાણેશ્વરિ મહાદેવી પ્રસન્ના ભવ.' મંત્ર આપ્યો. 'અસ્માકમ્'ની જગ્યાએ પતિનું નામ મૂકી આપ્યું.

જે ઘરમાં ચાર સ્વરૂપમાંથી એકે સ્વરૂપ ન હોય, એ ઘર સ્મશાનવત્ થઈ જાય છે. મા હોય તો ઘરમાં પ્રવેશો અને 'આવ્યો બેટા' એ સાંભળતાંની સાથે જ તમારો થાક ઊતરી જાય છે. બહેન હોય તો જતાંની સાથે જ 'આવ ભાઈ' કહે છે અને તમારો થાક ઊતરી જાય છે.

મા એ સર્વત્ર મા જ છે, એનું ભાન મને પણ કરાવ્યું છે. 'કામ' એ હાઉ નથી. પણ હરહાલતમાં એ 'મા' છે, પછી ભલે કોઈ પણ સ્વરૂપે હોય, પત્ની, કન્યા, ભગિની-હરહાલતમાં એ મા છે.

બાળક નાનો હોય અને મા મરી જાય તો, બીજા એને અનાથ આશ્રમમાં મૂકી આવે. બાળક નાનો હોય અને બાપ મરી જાય, તો કદી સાંભળ્યું છે કે કોઈ માએ પોતાના બાળકને અનાથ આશ્રમમાં મૂક્યો ? મા પાસે ખાવાનું નહિ હોય તો એ ગમે તેમ કરીને, દળણું દળીને, પેટે પાટા બાંધીને બાળકને મોટો કરે છે. આ મા છે. આ મા દરેકમાં છે, પુરુષના હૃદયમાં પણ મા છે. કેવળ સ્ત્રીમાં જ મા છે એવું નથી.

ગર્ભમાં બાળક આવતાં જ માનો પ્રેમ જાગી ઊઠે છે અને જે રજ માસિકમાં બહાર નીકળી જતું હતું એ રજ ઉપર ચઢીને લોહીમાંથી દૂધ બને છે. છે આ વિદ્યા કોઈ વૈજ્ઞાનિક પાસે ? લોહીમાંથી દૂધ બનવાની કળા માત્ર મા પાસે જ છે એ મા કશું માગતી નથી સિવાય કે કેવળ એને ભૂખ હોય છે પ્રેમની, કેમ કે મા લાગણીપ્રધાન છે.

પેપરમાં મેં વાંચેલું કે એક વાંદરી એના નાના બચ્ચાને મૂકીને મરી ગઈ. તો કૂતરીમાં રહેલી મા જાગી ઊઠી અને એ વાંદરીના બચ્ચાને ધવડાવતી હતી. સામાન્ય રીતથી આ ઊંધી ઘટના હતી. આ જાણીને હું રડી પડ્યો અને એ કૂતરી માને હાથ જોડ્યા.

તમારા સંસારમાં તો ભાઈનાં બાળકો સાથે જ ભેદભાવ રખાય છે. મારું તારું કરે છે. **આવો મનુષ્ય પશુથી પણ ઊતરી ગયો છે.** કલકત્તામાં બનેલી આ ઘટના છે. એક મોટું કુટુંબ હતું એમાં એક વડીલ હતા. બધા ભાઈઓ જે કમાણી કરતા એ બધી એ વડીલને બધા આપી દેતા અને પછી એ વડીલ દરેકને એમના ખર્ચની રકમ આપતા હતા. રસોઈ વગેરે કામકાજમાં પણ વારા બાંધેલા. એવામાં એક વહુના પિયરથી ઘરમાં ગાય આવી. જ્યારે વહુનો વારો ગાયને દોહવાનો આવ્યો ત્યારે એણે પોતાનાં બાળકો માટે વધારે દૂધ કાઢી લીધું. બધાને સરખેભાગે વહેંચીને ઘરમાં ખાવાનો રિવાજ હતો. એટલે આ ફરિયાદ વડીલ પાસે ગઈ. વડીલે તરત જ ગાયને વહુને પિયર પાછી મોકલી દેવાનો નિર્ણય કર્યો. એણે કહ્યું આ ગાય અમારું ઘર ભાંગશે. એટલે એ ન રખાય. હવે આજનું સામાજિક જીવન જુઓ.

અત્યારે મોટી માની જરૂર છે. **'જીવનવિજ્ઞાન'**માં મહામાતૃદર્શનનું પ્રથમ ચેપ્ટર-પ્રકરણ મેં લખ્યું છે.

'પ્રજ્ઞારસ માધુરી' (ઉત્તરાર્ધ), પ્ર. આ., પૃ. ૨૭૮ ❑

## (૯) પૂજ્ય શ્રીમોટા સાથે...

**શ્રી નંદુભાઈ**

*(પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી શતાયુ ભાઈ શ્રી નંદુભાઈની બીજા નોરતે પુણ્યતિથિ છે. તે નિમિત્તે પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના કેટલાક પ્રસંગોને યાદ કરાયા છે. -**સંપાદક**)*

(૧)

૧૯૩૯માં હું, કુંભકોણમ્‌માં હતો ત્યારે હેમંતભાઈ દ્વારા મને પૂજ્ય મોટાની જાણ થઈ. મારો વિચાર પોંડિચેરીમાં આવેલ શ્રીઅરવિંદ આશ્રમમાં જોડાવાનો હતો, પણ પછી કુટુંબ સાથે ત્યાં ના રહેવાતું હોવાથી અને પૂજ્ય મોટાની સાથે એમ થઈ શકતું હોઈ, હરિજન આશ્રમ, સાબરમતીમાં રહેવાનું નક્કી કર્યું. સાબરમતી આશ્રમમાં આઠેક મહિનાથી રહેવા આવ્યો હતો. પૂજ્ય મોટાને મળ્યો. આમ તો ત્યાં મળેલા, પણ આશ્રમમાં વાતચીત થયેલી નહિ. એક સીધા સાદા ક્લાર્ક તરીકે હું એમને જાણતો હતો. તેમને મેં મારી સાધના અંગેની વાત જણાવી. એમણે મને કહ્યું કે, ‘મારી પાસે કોઈ ચમત્કાર નથી. હું તમને સાધનાની અમુક પદ્ધતિ બતાવું તે પ્રમાણે તમે વળગીને કર્યા કરો અને પરિણામ જુઓ.’ મેં તે સ્વીકાર્યું. દીક્ષાના આરંભમાં પહેલું જ એમણે મને કહ્યું કે, ‘તમારે કોની સાથે અણબનાવ છે ? જેની સાથે અણબનાવ હોય તેની પહેલાં માફી માગી આવો.’

મેં કહ્યું, ‘એ અણબનાવમાં મારો વાંક નથી.’

તો મોટા કહે, ‘એની સાથે મારે નિસ્બત નથી. તમારો વાંક હોય કે ના હોય, તમે માફી માગો. આપણે જેવા થવાનું છે તેની આ શરૂઆત છે.’

મેં તે સ્વીકાર્યું અને એક વડીલ ભાઈને અને બીજા એક વડીલ ભાઈને અમદાવાદમાં એમને ઘેર જઈને તેમની ક્ષમા માગી. તેઓ ખૂબ રાજી થયા. મને ભેટ્યા અને આશીર્વાદ આપ્યા. એ દિવસથી એમની સાથે મારી સાધના શરૂ થઈ.

(૨)

એક દિવસ મોટા અને હું પૂજાના ઓરડામાં બેઠા. એમણે બનિયન અને ધોતિયું પહેરેલું. મેં પણ બનિયન અને ધોતિયું પહેરેલું. બંનેનાં બનિયનને બટનો હતાં. દેશી દોરાનાં બટનો હતાં. એમણે દોરી લીધી અને પોતાના બનિયનના બટનની સાથે મારા બનિયનના બટનને દોરી બાંધી દીધી. એટલે કે દોરી દ્વારા સંદેશો મને પહોંચે ! મોટા મનમાં કંઈક શ્લોક બોલ્યા. પોતે પ્રાર્થના જેવું કર્યું અને પછી મને ‘હરિઃૐ’નો મંત્ર આપ્યો. પછી મને કહે, ‘‘તમે ઊંધા સૂઈ જાઓ.

હું સૂતો. મારી આખી કરોડરજ્જુ પર એમણે ફૂલથી સ્પર્શ કર્યો. પછી એક બ્લેડ લઈને ગુદાના ઉપરના ભાગમાં એક ચોકડી કરી. મને લોહી નીકળ્યું. એમણે ચુંબન કરીને એ લોહી ચૂસ્યું. સ્પષ્ટ ચોકડી થાય એવું મને અનુભવાયું હતું. લોહી નીકળ્યું એ પણ ખ્યાલ આવ્યો. એમણે ચુંબન કરી ચૂસ્યું, પછી હું બેઠો થયો. એ ધ્યાનમાં ગયા પહેલાં દોરી બાંધી હતી તે પ્રમાણે ફરી બાંધી, પછી એ ધ્યાનમાં ગયા. મને કહેલું, ‘તમે બને તેટલા નીરવ રહેવાનો પ્રયત્ન કરો.’ મારી જિંદગીમાં આવું ધ્યાન કોઈ દિવસ કર્યું નથી અને એકાએક હું ધ્યાનમાં ચાલ્યો ગયો. તંદ્રા ન હતી એનો પણ મને ખ્યાલ છે, કારણ કે આમ જાગૃતિ હતી અને આમ વિચારની શૂન્યતા. પંદર મિનિટ આમ રહ્યું હશે, પછી એમણે ધ્યાન મૂકી દીધું અને બાંધેલી દોરી એમણે છોડી દીધી અને થોડાક જ સમયમાં મારી ગરદન ઉપર, પાછળ ડોકી ઉપર એક-દોઢ ઇંચ લાંબો, દોઢ ઇંચ પહોળો આકાર ઊઠી આવ્યો અને ચામડી જાણે ખરજવું હોય અને ફદફદી ઊઠી હોય તેવી થઈ આવી. મને કહે, ‘તમે ગભરાશો નહિ. તમને બે દિવસમાં આપોઆપ મટી જશે. કોઈ દવા કરવાની જરૂર નથી. એને ઢાંકવાની

પણ જરૂર નથી. સામાન્યપણે પહેરણ પહેરાય છે તે પહેરજો.' ખરજવું થાય અને જે લાગણી થાય તેવું સ્પષ્ટ અનુભવાય અને જાણે ખરજવું જ છે તેવું ઘરનાંને લાગ્યું. તે વખતે મારી સાથે હેમંતભાઈ એકલા હતા અને મારાં પત્ની અને બાળક તો કુંભકોણમ્ હતાં. હેમંતભાઈએ આ જોયું હતું. મને થયું કે 'આ ઉપાધિ ક્યાંથી આવી ?' પણ બે જ દિવસમાં ખરજવું અદશ્ય થઈ ગયું. આ એમની સાથેનો મારો પહેલો અનુભવ. ખરજવું થયું અને મટી ગયું એ સ્થૂળ અનુભવ. જે બે મિનિટ પણ વિચારશૂન્યતા ના રહી શકે તે લગભગ પંદર મિનિટ સુધી રહી. તેમણે જ્યાં સુધી ધ્યાન રાખ્યું ત્યાં સુધી નીરવતા રહી તે સૂક્ષ્મ અનુભવ.

(૩)

**ગુરુદયાલ મલ્લિક જેને બધા ચાચાજી કહેતા તેઓ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં અંગ્રેજીના અધ્યાપક હતા અને સૂફી સંત હતા. તેમણે મને પૂછ્યું કે, 'નંદુભાઈ, તમે મોટામાં એવું શું જોયું કે તમે પોંડિચેરી જવાનું માંડી વાળ્યું અને એમના પ્રત્યે આટલો બધા લગાવ થયો ? કંઈ ચમત્કાર ?'**

મેં કહ્યું, 'ચાચાજી, તમે તો બધું સમજો છો. તમે તો મને પૂછવા ખાતર પૂછો છો. મને એવો ખાસ કોઈ ચમત્કાર નથી થયો. માત્ર દીક્ષાના દિવસે થયું. એ સિવાય મને એકેય ચમત્કાર થયો નથી. થયા હશે, પણ એ બધા ક્ષુલ્લક.' મારે મને ચમત્કારનું પહેલેથી મહત્ત્વ ન હતું. કોઈ બાવો, પથ્થર કે માટીની સાંકળ કરી આપે. એવું બધું કરે એવી કોઈ ઈંતેજારી થતી નહિ કે કુતૂહલ થતું નહિ. એની પાસે જવાનું મન પણ ના થતું. ત્યારે **મેં ચાચાજીને કહ્યું, 'ચાચાજી, હું મારી પ્રકૃતિમાં રૂપાંતર અનુભવું છું. જે પાયાના નવ વિષયો છે એ નવ વિષયોમાં ઓછાવત્તા પ્રમાણમાં હું સખત ફેરફાર જોઉં છું. એ મને ચિટકાવી રાખે છે.'**

તેઓ રાજી થયા. એમણે કહ્યું, 'તમારી બધી સમજ બરાબર છે.' પછી મોટાએ 'ના' કહેવા છતાં જેલમાં ગયો ને બહાર આવ્યો.

(૪)

સાતઆઠ વર્ષ પછી મન પાછું એકદમ વીફર્યું. દર વર્ષે મૌનમાં બેસતો. ગાંધી આશ્રમમાં મારા ઘરની બાજુમાં મીરાં કુટિર હતી. ત્યાં અમે મૌન લેતા. બધું સારી રીતે ચાલતું હતું, પણ મન પાછું પડતું. 'ના, ના, શ્રીઅરવિંદ આશ્રમમાં જ જવું સારું છે.' એટલે મેં તો શ્રીઅરવિંદ આશ્રમમાં પોંડિચેરી કાગળ લખ્યો. મારો પુત્ર સિદ્ધાર્થ સાતેક વર્ષનો થયો, એટલે એના અભ્યાસ માટે ત્યાંની એકેડેમીમાં દાખલ કરવાનું ફૉર્મ લઈ આવ્યો.

મેં મોટાને કહ્યું, 'મારે શ્રીઅરવિંદ આશ્રમમાં જવું છે.' મેં એમની રજા માગી.

એમણે કહ્યું, **'રજાની કંઈ જરૂર નથી. તમે જ્યાં જશો ત્યાં મારું જ ધામ છે. શ્રીઅરવિંદ આશ્રમ પણ મારું જ ધામ છે. આ પણ મારું ધામ છે. તમે જ્યાં જશો ત્યાં મારા ભાઈ તરીકે યાદ કરીશ અને વેલકમ કરીશ. આપણો સંબંધ છૂટી જવાનો નથી. તમને જ્યાં તમારું હિત લાગતું હોય ત્યાં ખૂબ ખુશીથી જાવ. ખૂબ આનંદથી જાવ.'**

મોટાની આ વાત સાંભળી એટલે થયું કે સામાન્ય રીતે ગુરુઓ પોતાના શિષ્યોને જોડે રાખવા માટે અને ખાસ કરીને બે પૈસે સુખી હોય તેને ખાસ જકડી રાખવા માટે પ્રયત્ન કરે છે. શિષ્યોની સંખ્યા વધારવા માટે પણ પ્રયત્ન કરે. જ્યારે મોટાએ તો મને ખૂબ પ્રેમથી-ખુશીથી-આનંદથી જવાની સંમતિ આપી. એક શબ્દ પણ એમણે દિલગીરીનો કે નાખુશીનો દર્શાવ્યો નહિ. છતાં મેં નક્કી કર્યું કે જવું છે. મૌન આવતું હતું. મૌન મને ગમતું હતું. એથી એમ વિચાર્યું કે 'આ મૌન પૂરું કર્યા પછી જઈએ.'

એ વખતે છેલ્લા દિવસોમાં એવો ચમત્કાર થયો કે મારું મન ફરી ગયું. 'ના, હવે મારે ક્યાંય જવું નથી.'

આમ, આ પ્રસંગ વર્ણવવાનું કારણ એ છે કે

આવી **સઘન સાધનામાં આઠ આઠ વર્ષ સુધી હું જોડાયો તોપણ મન થાળે નથી પડતું** અને આપણે એમ સમજીએ કે હવે આપણે થાળે પડી ગયાં. વર્ષો પછી પણ મન પાછો પલટો મારે છે. એટલે **મનની ચાલબાજી સમજવી બહુ ભારે છે. જેમ માણસ વધારે આગ્રહી તેમ વધારે મુશ્કેલી છે.**

એવામાં એક દિવસ નડિયાદથી મથુરીબહેનનો કાગળ આવ્યો. મોટાને, કંઈ કોયડાની મુશ્કેલી આવી હશે. એટલે એ એમ બોલ્યા કે **'મારો નંદુ હોય તો આ બધું સરળ થઈ જાત.'** લમણે હાથ દઈને એ બોલ્યા. એમ મથુરીબહેને મને કાગળ લખ્યો. મને એવી લાગી ગઈ કે આજ સુધી મારી ઇચ્છા મુજબ વર્ત્યો. હવે મારે મોટાની ઇચ્છા મુજબ વર્તવું જોઈએ. તરત નિશ્ચય કર્યો કે પાછો ચાલ્યો જાઉં, એટલે મેં મથુરીબહેનને લખ્યું. વળતું મોટાએ લખાવ્યું કે, 'હવે જો આવો તો પાકું કરીને આવજો, ભઈલા.'

મેં લખ્યું, અંગ્રેજીમાં એક વાક્ય આવું છે કે **'મારી પાછળ ભીંત છે એટલે પાછા જવાનો સવાલ જ નથી.'** પાછા જવાનો રસ્તો જ નથી. છૂટકો જ નથી. રહેવું પડશે. એટલે લશ્કરના સેનાપતિએ હુમક આપ્યો કે, 'Wall at your back' 'કાં તો ગોળીથી મરી પડો, કાં તો વિજયી થઈ આગળ વધો.' એ સૂત્ર સાથે હું પાછો આવ્યો.

મોટા મને કહે, 'મારું બધું કામકાજ તમારે કરવાનું છે. પાણીની માટલી સાફ કરીને ભરવાની, પથારી કરવાની, રૂમ સાફ કરવાનો, પોતું કરવાનું, મારાં કપડાં ધોવાનાં, બધું કામ તમારે સંભાળી લેવાનું છે.'

(૫)

**ભાઈ શ્રી નંદુભાઈ અંગે પૂજ્ય મોટાના હૃદયોદગાર :** આવું બધું (શાસ્ત્રો ગ્રંથો વગેરે) જે લખાયું છે તે તો ભાઈ નંદુભાઈના દિલના મળેલા સંપૂર્ણ સહકારથી. આશ્રમનું દરેક પ્રકારનું કર્મ તેમણે પ્રેમથી માથે ઉપાડી લીધેલું છે અને તેમણે મને બને તેટલો નવરો જ રહેલા દીધેલો છે. સવારે આશ્રમમાં બધાં આવે કરે, તેમની સાથે હળવા-ભળવાની વાતો કરવાનું થાય છે, તેટલા સમય પૂરતો કદાચ રોકાયેલો લાગુ. પરંતુ તેમાં પણ **ભાઈ નંદુભાઈનો દિલનો સહકાર મને છે, અને આ બધું પ્રેમથી ઉપાડી લીધું છે, તેથી તો મારાથી જિવાય છે.** મારા શરીરને વેદનાકારક જે દર્દો છે તેની પીડા દિવસે દિવસે વધતી જ જાય છે. શરીર ઘરડું થતું જાય છે ને રોગ જુવાન થતા જાય છે. વેદના હવે તેની મર્યાદાની બહાર તો ક્યારનીયે ચાલી ગઈ છે. **ભાઈ નંદુભાઈએ જો મને પ્રેમથી આરામ આપ્યો ન હોત, તો આજે બે વર્ષમાં શ્રીહરિકૃપાથી જે સર્જન થયું છે તે કદાપિ બની શક્યું ના હોત.**

આશ્રમના બધા જ કામકાજમાંથી હું તો હવે નિવૃત્ત જેવો જ છું. ભાઈ નંદુભાઈ તો હવે મારા માટે શ્રીભગવાનની કૃપા પ્રસાદી છે, હવે તેઓ જ કર્તાહર્તા છે, તેથી મારી સાથે સંબંધમાં આવેલાઓને પ્રાર્થના છે કે તેઓ ઓછામાં ઓછો પત્રવ્યવહાર કરે, તે પ્રમાણે મિત્રોમાં, **આશ્રમની સાથે સંકળાયેલાં ભાઈ-બહેનોમાં તેવી સમજણ ફેલાવે, જેથી ભાઈ નંદુભાઈને થોડીઘણી રાહત રહે. રાતના ઘણા મોડા સુધી તેમને કામ કરવું પડે છે, તે ભલે તેમનું તપ હોય ને તેમાં તેમને બિલકુલ કદી કંટોળો આવતો નથી તેનો હું સાક્ષી છું. કર્મનો પ્રેમથી સ્વીકાર કરવાથી ને કર્મમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થવાથી જીવનમાં કેટલું મળે છે, તે તો તે પ્રકારના અનુભવી જ સમજી શકે. કેટકેટલાં નવાં નવાં દૃષ્ટિ, સમજણો, ઉપયો ને ઉકેલો પણ સૂઝે છે.**

**પળેપળ કર્મમાં પરોવાયેલા જ રહેવું તે ભાઈ નંદુભાઈની પ્રસાદી છે.** અને તેથી જ આટલાં બધાં દર્દની મર્યાદાતીત વેદના હોવા છતાં માત્ર તેમને જ કારણે મારાથી આનંદમય જીવી શકાય છે. **બધી જ ગડમથલો, પ્રશ્નો અને ગૂંચ જે બધાં પ્રગટે છે તેનો તેઓ સારો ઉકેલ કરે છે. તેમના શરીરની ઉંમર પણ લગભગ ૭૦ (હાલ-૯૩) થવા આવી છે. અને શરીરની તે ઉંમરમાં સતત, એકધારું, થાક્યા વિના કર્મ કર્યા કરવું તે નાનીસૂની વાત નથી.** ❑

## (૭) શાસ્ત્રો ભણવાના સ્ત્રીઓના અધિકાર અંગે

**શ્રીમોટા**

વેદોએ કહ્યું છે કે સ્ત્રીઓને શાસ્ત્ર ભણવાનો અધિકાર નથી, એ બિલકુલ ખોટી વાત છે. એ તો જ્યારે ભાવનાનું પતન થયું ત્યારે કહેવા લાગ્યા કે સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી.

માતાના પેટમાં આપણે નવ મહિના રહેવાનાં. જો તેમનામાં જ્ઞાન નહિ હશે, સંસ્કાર નહિ હશે તો આપણામાં ક્યાંથી આવવાના ? કયા મૂર્ખાઓએ આ લખ્યું છે તે સમજાતું નથી. આ ઉતારી પાડવા ગુસ્સાથી કહેતો નથી. હું એક વખત બનારસ ગયો હતો. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની દીકરીની બે દીકરીઓને હિંદુ યુનિવર્સિટીમાં લઈને ગયો હતો. ત્યાં બંગલો ભાડે રાખીને રહ્યાં હતાં. તેમની બી.એ.ની પરીક્ષામાં ઋગ્વેદનો અભ્યાસ કરવાનો હતો, તેમાં જુદા જુદા છંદ વિશે એક વિષય હતો. ગાયત્રી છંદ, શાર્દૂલવિક્રીડિત છંદ જેવો. તેમાં માત્રાની રચના, શબ્દોની રચના કેવા પ્રકારની હોય, આરોહઅવરોહ કેવી રીતે આવે ? એ તે કેવી રીતે બોલતા ? તે પદ્ધતિ જાણવા વિદ્વાન પાસે જવું પડે. કાશી કરતાં દક્ષિણમાં તેવા વિદ્વાન વધારે છે. પણ છોકરીઓને ભણાવવા બનારસમાં કોઈ તૈયાર થાય નહિ, સો બસો રૂપિયા આપતાં પણ કોઈ તૈયાર થાય નહિ. **તે લોકો કહે કે 'બહેનો આગળ ઋચા બોલાય નહિ'** અને પરીક્ષામાં પચીસ માર્ક્સનો એ સવાલ આવે. એ બરાબર લખી શકે તો ગણિતની માફક માર્ક મળે. હું હિંદુ યુનિવર્સિટીના આ વિષયના અધ્યાપકને મળ્યો. તેમની પાસે પણ અસલ પદ્ધતિનું જ્ઞાન નહિ. તેઓ પણ કહે, 'અમે તો કૉલેજમાં શીખેલા. અમે તો એ પ્રશ્નના માર્ક ઉડાવી દઈએ.' આખરે માલવિયાજીને મળ્યો. તેમને મેં કહ્યું કે 'વિષય રાખ્યો છે પણ શીખવનાર કોઈ નથી.' વિદ્વાનો આ સાચી હકીકત સમજવા તૈયાર નથી. તેમણે કહ્યું કે 'બેચાર મારા જાણીતા મિત્રો છે અને સારા સાત્ત્વિક છે, તેમના ઉપર ચિઠ્ઠી લખી આપું.' તેમની ચિઠ્ઠી લઈને ગયો તોપણ કોઈ તૈયાર થયું નહિ. પછી ભગવાનને પ્રાર્થના કરી. **માનવીએ બધા પ્રયત્નો કરવા જોઈએ, પછી જ પોકાર પાડી શકાય. લોકો કહે છે કે 'નિર્બલ કે બલ રામ' પણ તે ખોટી વાત છે. રામ તો સબળતા-પુરુષાર્થીના હતા.** એટલે બધી બાજુએથી નિષ્ફળતા મળવાથી ભગવાનને પોકાર કર્યો. મને એક વિદ્વાન મળી ગયા, તેમને પગે લાગ્યો. ગુરુમહારાજનો હુકમ હશે. મેં મારી મુશ્કેલી સમજાવી. તેઓ સમજાવવા તૈયાર થયા એટલું જ નહિ પણ અઠવાડિયા સુધી બોલાવી સંપૂર્ણ સમજાવ્યું. આટલી સહેલી વાત પણ વિદ્વાનો સમજવા તૈયાર નથી, હું તો તેમને વિદ્વાન નહિ કહું, પણ પોથાંને માથે લઈને ફરનારા, ભાર લઈને ફરનાર જેવા ગણું. એવા વિદ્વાન સમાજનો ઉદ્ધાર નહિ કરી શકે. તેમને તો ભાર ઊંચકીને ફરનાર મજૂર જેવા ગણું. તેઓ ભલે ચર્ચામાં હરાવે, પણ ખરું જ્ઞાન ચોપડી વાંચવાથી નહિ આવે. અંતરનું જ્ઞાન એ તો જુદું હોય છે. માણસને કામ કરવાની અભીપ્સા જાગવી જોઈએ.

'મૌનએકાંતની કેડીએ', પ્ર. આ., પૃ, ૧૨૮ ❑

### મારો આગામી જન્મ સ્ત્રીનો

બહેનોનું જીવન સમૃદ્ધ નહિ થાય ત્યાં સુધી આપણા સમાજનો, આપણા દેશનો ઉદ્ધાર નહિ થાય. હું ભણતો હતો ત્યારથી મારામાં ઘણી તમન્ના હતી. એટલે મેં મારા મનથી દઢ કર્યું છે કે મારે સ્ત્રીનો જ અવતાર લેવો છે. પણ છોકરાં જણે એવી સ્ત્રીનો નહિ.

એ જન્મમાં મને વૈભવ-વિલાસનો પાર નહિ હોય. રૂપ બહુ સુંદર હશે. મારે પૈસા માગવા જવું નહિ પડે. સૌને વશ કરી દેવામાં એક જ લટકું બસ થશે.

**-શ્રીમોટા**

'ભગતમાં ભગવાન', પુનર્મુદ્રણ, પૃ, ૫૨૦

## (૮) સર્વધર્મસમભાવ

ગાંધીજી

**આપણાં વ્રતોમાં જે વ્રતને સહિષ્ણુતાને નામે ઓળખીએ છીએ તેને આ સર્વધર્મસમભાવનું નામ આપ્યું છે.** સહિષ્ણુતા અંગ્રેજી શબ્દ ટૉલરેશનનો અનુવાદ છે. એ મને ગમ્યો ન હતો, પણ બીજું નામ સૂઝતું ન હતું. કાકાસાહેબને પણ એ ગમ્યું ન હતું. તેણે સર્વધર્મઆદર શબ્દ સૂચવ્યો. મને એ પણ ન ગમ્યો. બીજા ધર્મોને સહન કરવામાં તેની ઊણપ માની લેવામાં આવે છે. આદરમાં મહેરબાનીનો ભાવ આવે છે. અહિંસા આપણને બીજા ધર્મો પ્રત્યે સમભાવ શીખવે છે. આદર અને સહિષ્ણુતા અહિંસા દૃષ્ટિએ પૂરતાં નથી. બીજા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાના મૂળમાં પોતાના ધર્મની અપૂર્ણતાનો સ્વીકાર આવી જ જાય છે. અને સત્યની આરાધના, અહિંસાની કસોટી એ જ શીખવે. સંપૂર્ણ સત્ય જો આપણે જોયું હોય તો પછી સત્યનો આગ્રહ શો ? તો તો આપણે પરમેશ્વર થયાં. કેમ કે સત્ય એ જ પરમેશ્વર છે એવી આપણી ભાવના છે. આપણે પૂર્ણ સત્યને ઓળખતાં નથી. તેથી તેનો આગ્રહ રાખીએ છીએ, તેથી જ પુરુષાર્થને અવકાશ છે. આમાં આપણી અપૂર્ણતાનો સ્વીકાર આવ્યો. જો આપણે અપૂર્ણ તો આપણે કલ્પેલો ધર્મ પણ અપૂર્ણ. સ્વતંત્ર ધર્મ સંપૂર્ણ છે. તે આપણે જોયો નથી, જેમ ઈશ્વરને જોયો નથી. આપણે માનેલો ધર્મ અપૂર્ણ છે ને તેમાં નિત્ય ફેરફારો થયા કરે છે, થયા કરવાના. આમ થાય તો જ આપણે ઉત્તરોત્તર ચડી શકીએ, સત્ય પ્રતિ, ઈશ્વર પ્રતિ રોજ ને રોજ આગળ જતાં જઈએ. અને જો મનુષ્યકલ્પિત બધા ધર્મ અપૂર્ણ માનીએ તો પછી કોઈને ઊંચનીચ માનવાપણું રહેતું નથી. બધા સાચા છે, પણ બધા અપૂર્ણ છે, તેથી દોષને પાત્ર છે. સમભાવ હોવા છતાં આપણે તેમાં દોષ જોઈ શકતાં હોઈએ. પોતાનામાં પણ દોષ જોઈએ. એ દોષને લીધે તેનો ત્યાગ ન કરીએ પણ દોષ ટાળીએ, આમ સમભાવ રાખીએ એટલે બીજા ધર્મોમાં જે કંઈ ગ્રાહ્ય લાગે તેને પોતાના ધર્મમાં સ્થાન આપતાં સંકોચ ન થાય, એટલું જ નહિ પણ એમ કરવાનો ધર્મ પ્રાપ્ત થાય.

**બધા ધર્મો ઈશ્વરદત્ત છે, પણ તે મનુષ્યકલ્પિત હોવાથી, મનુષ્ય તેનો પ્રચાર કરતો હોવાથી તે અપૂર્ણ છે.** ઈશ્વરદત્ત ધર્મ અગમ્ય છે. તેને ભાષામાં મનુષ્ય મૂકે છે, તેનો અર્થ પણ મનુષ્ય કરે છે. કોનો અર્થ સાચો ? સહુ પોતપોતાની દૃષ્ટિએ જ્યાં લગી એ દૃષ્ટિએ વર્તે ત્યાં લગી સાચાં, પણ સહુ ખોટાં પણ હોવાનો અસંભવ નથી. તેથી જ આપણે બધા ધર્મ પ્રત્યે સમભાવ રાખીએ. આમાં પોતાના ધર્મ પ્રત્યે ઉદાસીનતા નથી આવતી, પણ પોતાના ધર્મ પ્રત્યેનો પ્રેમ આંધળો મટી જ્ઞાનમય થાય છે, તેથી વધારે સાત્ત્વિક, નિર્મળ બને છે. બધા ધર્મ પ્રત્યે સમભાવ આવે તો જ આપણાં દિવ્યચક્ષુ ખૂલે. ધર્માંધતા ને દિવ્યદર્શન વચ્ચે ઉત્તરદક્ષિણ જેટલું અંતર છે. **ધર્મજ્ઞાન થતાં અંતરાયો ઊડી જાય છે અને સમભાવ પેદા થાય છે.** આ સમભાવ કેળવતાં આપણે આપણા ધર્મને વધારે ઓળખવાનાં.

અહીં ધર્મઅધર્મનો ભેદ નથી ટળતો. અહીં જે અંકાયેલા ધર્મો તરીકે આપણે જાણીએ છીએ તેમની વાત છે. આ બધા ધર્મોમાં મૂળ સિદ્ધાંતો એક જ છે. તે બધામાં સંત સ્ત્રીપુરુષો થઈ ગયાં છે, આજે પણ મોજૂદ છે. એટલે ધર્મો પ્રત્યેના સમભાવમાં ને ધર્મીઓ-મનુષ્યો-પ્રત્યેના સમભાવમાં કંઈક ભેદ છે. મનુષ્યમાત્ર-દુષ્ટ અને શ્રેષ્ઠ પ્રત્યે, ધર્મી અને અધર્મી

પ્રત્યે સમભાવની અપેક્ષા છે, પણ અધર્મ પ્રત્યે કદી નહિ.

ત્યારે પ્રશ્ન એ થાય કે ઘણા ધર્મો શાને સારુ જોઈએ ? ઘણા ધર્મો છે એ આપણે જાણીએ છીએ. આત્મા એક છે, પણ મનુષ્ય દેહ અસંખ્ય છે. દેહની અસંખ્યતા ટાળી નહિ ટળે. છતાં આત્માના ઐક્યને આપણે ઓળખી શકીએ છીએ. ધર્મનું મૂળ એક છે, જેમ વૃક્ષનું, પણ તેને પાતરાં-(પાંદડાં-સં.) અસંખ્ય છે.

આ વિષય એવો અગત્યનો છે કે એને જરા અહીં લંબાવું છું.

મારો કેટલોક અનુભવ આપું તો સમભાવનો અર્થ કદાચ વધારે સ્પષ્ટ થશે. જેમ અહીં તેમ ફિનિક્સમાં પણ પ્રાર્થના રોજ થતી. તેમ જ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી હતા. સદ્‌ગત રુસ્તમજી શેઠ અથવા તેમનાં ફરજંદ ઘણી વાર હાજર હોય જ. રુસ્તમજી શેઠને 'મને વહાલું વહાલું દાદા રામજીનું નામ' બહુ ગમતું. મને સ્મરણ છે તે પ્રમાણે એક વેળા મગનલાલ કે કાશી એ અમને બધાંને ગવડાવતાં હતાં. રુસ્તમજી શેઠ ઉલ્લાસમાં બોલી ઊઠ્યા, 'દાદા રામજી'ને બદલે 'દાદા હોરમજૂદ' ગાઓની. ગવરાવનારે અને ગાનારે આ વિચાર સાવ સ્વાભાવિક હોય તેમ ઝીલી લીધો. ને ત્યાર પછી રુસ્તમજી શેઠ હાજર હોય ત્યારે તો અચૂક અને તે ન હોય ત્યારે કોઈ કોઈ વાર અમે એ ભજન 'દાદા હોરમજૂદ'ના નામે ગાતા. સદ્‌ગત દાઉદ શેઠનો દીકરો સદ્‌ગત હુસેન તો આશ્રમમાં ઘણી વાર રહેતો. તે પ્રાર્થનામાં ઉત્સાહપૂર્વક ભળતો. તે પોતે બહુ મીઠા સૂરમાં 'ઑર્ગન' સાથે 'યે બહારે બાગ દુનિયા ચંદરોજ' ગાતો અને તે ભજન અમને બધાને એણે શીખવી દીધું હતું ને પ્રાર્થનામાં ઘણી વાર ગવાતું. આપણી અહીંની પ્રાર્થનામાળામાં તેને સ્થાન છે તે સત્યપ્રિય હુસેનનું સ્મરણ છે. એના કરતાં વધારે ચુસ્તપણે સત્ય આચરનારા નવજુવાન મેં જોયા નથી. જોસફ રૉયપન આશ્રમમાં ઘણી વાર આવે જાય. તે ખ્રિસ્તી, તેમને 'વૈષ્ણવજન' બહુ ગમતું, તે સંગીત સરસ જાણે. તેમણે 'વૈષ્ણવજન'ને ઠેકાણે 'ક્રિશ્ચિયનજન તો તેને કહીએ' એણે લલકાર્યું. બધાંએ તરત ઝીલ્યું. જૉસફના હર્ષનો પાર ન રહ્યો એમ મેં જોયું.

આત્મસંતોષ સારુ જ્યારે હું જુદાં જુદાં ધર્મપુસ્તકો ઉથલાવી રહ્યો હતો ત્યારે ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ, જરથુસ્તી, યહૂદી અને હિંદુ એટલાનાં પુસ્તકોનો મારા સંતોષ પુરતો પરિચય કર્યો. તેમ કરતાં મને આ બધા ધર્મો પ્રત્યે સમભાવ હતો એમ કહી શકું છું. તે વખતે મને એ જ્ઞાન હતું એમ નથી કહેતો. સમભાવ શબ્દનો પણ પૂરો પરિચય એ વેળા નહિ હોય. પણ એ વખતનાં મારાં સ્મરણ તાજાં કરું છું તો મને તે તે ધર્મોની ટીકા કરવાની ઈચ્છા સરખીય થઈ હોય એવું યાદ નથી. પણ એમનાં પુસ્તકો ધર્મનાં પુસ્તકો સમજી આદરપૂર્વક વાંચતો અને બધામાં મૂળ નૈતિક સિદ્ધાંતો એકસરખા જોતો. કેટલીક વસ્તુઓ હું ન સમજી શકતો. તેવું જ હિંદુ ધર્મપુસ્તકોનું હતું. આજે પણ કેટલુંયે નથી સમજતો, પણ અનુભવે જોઉં છું કે **જે આપણે ન સમજી શકીએ તે ખોટું જ છે એમ માનવાની ઉતાવળ કરવી એ ભૂલ છે.** જે કેટલુંક પૂર્વે ન સમજાતું તે આજે દીવા જેવું લાગે છે. સમભાવ કેળવવાથી અનેક ગૂંચો પોતાની મેળે ઊકલી જાય છે. અને જ્યાં આપણને દોષ જ જોવામાં આવે ત્યાં તે દર્શાવવામાં પણ જે નમ્રતા અને વિવેક હોય છે તેથી કોઈને દુઃખ નથી થતું.

એક મૂંઝવણ કદાચ રહે છે. ગયે વખતે મેં જણાવ્યું કે ધર્મ-અધર્મનો ભેદ રહે છે, અને અધર્મ પ્રત્યે સમભાવ કેળવવાનો અહીં ઉદ્દેશ નથી. આમ જ હોય તો ધર્માધર્મનો નિર્ણય કરવામાં જ સમભાવની સાંકળ તૂટી નથી જતી ? આવો પ્રશ્ન થાય અને એવો નિર્ણય કરનાર ભૂલ કરે એમ પણ સંભવે. પણ આપણામાં ખરી અહિંસા વર્તતી હોય તો આપણે વેરભાવમાંથી બચી જઈએ છીએ. કેમ કે અધર્મ જોતાં છતાં તે અધર્મને આચરનાર પ્રત્યે તો પ્રેમભાવ જ હશે. અને તેથી કાં તો તે આપણી દૃષ્ટિનો સ્વીકાર કરશે, અથવા આપણી ભૂલ આપણને બતાવશે. અથવા બંને એકબીજાના મતભેદને સહન કરશે. છેવટે સામેનો અહિંસક નહિ હોય તો એ કઠોરતા વાપરશે, તોયે આપણે જો અહિંસાના ખરા પૂજારી હોઈશું તો આપણી મૃદુતા તેની કઠોરતાને નિવારશે જ એમાં શંકા નથી. **પારકાંની ભૂલને સારુ પણ આપણે તેમને પીડવા નથી. આપણે પીડાવું છે, એ સુવર્ણ નિયમને જે પાળે છે તે બધાં સંકટોમાંથી ઊગરી જાય છે.**

'મંગળપ્રભાત', પ્ર. આ., માંથી સાભાર ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાના જન્મદિન ૪, સપ્ટેમ્બર નિમિત્તે અજ્ઞાત રહેવા ઇચ્છતા સદ્‌ભાવી પરિવાર તરફથી | | ૫૦,૦૦૦/- |
| ૨. | લતાબહેન નરેન્દ્રકુમાર પટેલ જન્મદિન (૮-૯) નિમિત્તે | અમેરિકા | ૧૫,૦૦૦/- |
| ૩. | પૂજ્ય શ્રીમોટાના ભક્ત અને હરિઃૐ આશ્રમના એક શુભેચ્છક | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૪. | સદ્‌ગત ડૉ. નરેન્દ્રભાઈ પટેલની પુણ્યસ્મૃતિમાં હસ્તે અશોકભાઈ ચીમનલાલ લાપસીવાળા | સુરત | ૨,૦૦૦/- |
| ૫. | મણિભાઈ એસ. પટેલ જન્મદિન (૫-૧૦) નિમિત્તે | મોડાસા | ૨,૦૦૦/- |
| ૬. | એક સ્વજન | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૭. | ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૧,૨૦૦/- |
| ૮. | સદ્‌ગત મહેન્દ્રભાઈ તલકચંદ શાહના સ્મરણાર્થે હસ્તે પદ્માબહેન | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૯. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ, ૮૧મા જન્મદિન નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૦. | વીણાબહેન કિરીટભાઈ દેસાઈ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | સદ્‌ગત જીવનસાથી શ્રી નટવરલાલ એન. દેસાઈના પ્રથમ શ્રાદ્ધ નિમિત્તે હસ્તે હંસાબહેન દેસાઈ | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૨. | મયૂર જયંતીભાઈ જાની જન્મદિન (૩-૧૦) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૩. | દિનેશભાઈ મોહનભાઈ તમાકુવાળા | સુરત | ૫૦૦/- |
| ૧૪. | કાંતિલાલ નાનાભાઈ ડૉક્ટર | સુરત | ૨૫૦/- |
| ૧૫. | જશવંતલાલ જી. દેસાઈ | સુરત | ૨૦૦/- |
| ૧૬. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૦/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

## (૯) ‘હૅબિટ’ (ટેવ) વિશે

**શ્રીમોટા**

**શ્રી રમણભાઈ :** મોટા, મેં આપને ‘હૅબિટ’-(ટેવ) અંગે પૂછેલું. આપે કહેલું જડ નહિ પણ ‘ક્રીએટિવ’ હોવી જોઈએ. એટલે આ બીજાં બધાં જે ‘હૅબિટ’ કહે છે તે જડ હૅબિટ વિશે હોઈ શકે.

**શ્રીમોટા :** હા, એમ જ હશે. એના વિશે હું જરા વિગતવાર કહું :-

સામાન્ય રીતે ‘હૅબિટ’ એટલે પ્રકૃતિ પ્રકારનું વલણ-‘ટેન્ડન્સી’. જ્યારે કોઈ વખત આપણા મનમાં ચેતન પરત્વેની એક પ્રકારની સભાનતા રહ્યા કરે એ બધી ‘ક્રીએટિવ હૅબિટ’. નદીના પડેલા પટમાં પાણી વહ્યા કરે છે એમાં કોઈ સભાનતા (‘અવેરનેસ’) હોતી નથી.

પ્રકૃતિને આપણે જડ કહીએ છીએ પણ કંઈ ખરેખર એ જડ નથી. ચેતનની અપેક્ષાએ-‘રીલેટીવલી’-સાપેક્ષ રીતે એને જડ કહી શકાય. પ્રકૃતિનું જે વલણ વહ્યા કરે છે-આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિનાં કરણો દ્વારા જે કંઈ થયા કરે છે એની અંદર પ્રકૃતિના વલણમાં આપણે આવ્યાં એમ કહેવાય. દા.ત., અત્યંત ઉત્કટ પ્રકારની કામના-વાસના થઈ તો એ વાસનાની અંદર આપણે એટલા બધા તદ્રૂપ થઈ જઈએ છીએ કે એનાથી અતિરિક્તપણે-એનાથી તદ્દન નોખા થઈને વિચારવાની કે તટસ્થ થવાની કે સમતા ધારણ કરવાની શક્તિ આપણામાં રહેતી નથી. જેમ મધમાં માખી ડૂબી જાય છે તેમ તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, રાગદ્વેષ આદિ પ્રકૃતિની ઊગતી એવી ટેન્ડન્સી-વલણમાં આપણે એટલા બધા તદ્રૂપ થઈ જઈએ છીએ કે એનાથી નોખાપણાની કોઈ સભાનતા આપણામાં હોતી નથી. એટલું જ નહિ પ્રકૃતિનાં જે બીજાં પાસાં છે એનું પણ એવે વખતે જ્ઞાનભાન આપણને હોતું નથી. આપણે તાદાત્મ્ય-એકરૂપ થઈ જઈએ છીએ. આવા પ્રકારનું વલણ જે છે તે ‘હૅબિટ’ છે.

ચેતન પરત્વેની આપણી અભિમુખતા સક્રિય થતી જાય, એમાં મોમેન્ટમ-ગતિ-આવે, એ સર્જનશીલ-ક્રીએટિવ થતું જાય ત્યારે એ ‘હૅબિટ’નો પ્રકાર નોખો છે. વળી, ચેતનનો સ્વભાવ એવો છે કે તદ્રૂપ થયા હોવા તેમ છતાં તટસ્થ રહેવાય, સમતાવાળા-નોખા રહેવાય છે. એટલે ચેતન પરત્વેની જે ‘હૅબિટ’ થઈ તે મૂઢતાવાળી નથી. એમાં જડત્વ નથી **ચેતનમાં નોખા થવાની અને તદ્રૂપ થવાની એવી બે શક્તિ છે.**

ઉપરાંત, ચેતન પરત્વેની ‘હૅબિટ’નું ફૉર્મેશન (બનવાપણું) થયા કરતું હોય છે ત્યારે એ ‘હૅબિટ’ ચેતન પરત્વેની આપણી અભિલાષાને વધારે તેજસ્વી કરે છે. ચેતન પરત્વે આપણને ભાન કરાવે છે. આમ પ્રકૃતિનાં વલણોને જે વહન કરાવે છે તે ‘હૅબિટ’ અને ચેતન પરત્વે ગતિ કરાવે છે તે બે ‘હૅબિટ’માં આસમાન-જમીનનો ફરક છે. ચેતન પરત્વેની ‘હૅબિટ’ સચેતન છે જ્યારે પ્રકૃતિ પરત્વેની ‘હૅબિટ’ પ્રકૃતિના વલણમાં તદ્રૂપ કરાવતી હોઈ તેમાંથી નોખા થવાની શક્તિ તેમાં ન હોઈ એને જડ ‘હૅબિટ’ કહી છે.

‘શેષવિશેષ’, પ્ર. આ., પૃ. ૧ ❑

## (૧૦) મારા ફેફરુંના રોગનાં કારણો

શ્રીમોટા

ડૉ. આર. કે. દેસાઈએ કહ્યું, 'મોટા, તમારા શરીરને રોગ થયો હતો તે ફેફરું કહેવાય. હિસ્ટીરિયા તો હજી મટે, પણ ફેફરું તો કદી મટે જ નહિ.' મેં કહ્યું, 'ભાઈ, ભગવાનના નામથી મને તો મટ્યો.'

આ જીવના શરીરને ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો તેવો રોગ જે કોઈ બહુ લાગણીવાળું હોય, કે કોઈ આઘાત, પ્રત્યાઘાતથી એકદમ ચણચણ થઈને છંછેડાઈ પડતું હોય, જેને જરાતરામાં બહુ જ ઉત્કટપણે લાગી આવતું હોય એવી પ્રકૃતિવાળો જીવ તેનો ભોગ થઈ પડે છે. એટલે આ જીવના શરીરને તેવો રોગ લાગુ પડેલો, તેથી તેનાં પ્રકૃતિ અને સ્વભાવ તેવાં જ હશે એમ આપોઆપ પુરવાર થાય છે. **તેવો રોગ થવાનાં પૂર્વકારણો પણ ઘણાં હોય.** મારા મોટા ભાઈનું શરીર ક્ષયના રોગથી ભારે હેરાનગતિ ભોગવતું હતું. અને મારી આર્થિક સ્થિતિ તો એટલી બધી તંગ હતી કે તેના શરીરની દવા કરાવવાને માટે મારે દેવું કરવું પડ્યું હતું. હું પોતે મારી મેળે તો દેવું કરીને કંઈ પણ કશું ન કરું અને દેવું ન કરવું પડે એમ વર્તવાનું વધારે પસંદ કરું. પરંતુ મારી બા અને મોટા ભાઈ બંને મને એવાં તો મહેણાંટોણાં મારે કે જેથી તેમને મારા ભાઈની સારવાર કરવામાં મારી તેમના જેટલી તત્પરતા છે અને સાધનના અભાવે તેમ કરી શકતો નથી, એમ તે બાબતમાં તે બંનેને બહુ સમજાવ્યાં. તોપણ તે બંને તો મને 'કંજૂસ'ના નામથી જ બિરદાવતાં. તેના શરીરનો રોગ મટાડવાને કારણે ફર્સ્ટ ક્લાસની મુસાફરી કરાવીને ભાવનગર પણ તેમને લઈ જવામાં આવ્યા હતા. ત્યાં મારા મોટા ભાઈ મારાથી છાનામાના મારા જે જે સંબંધીઓ હતા, તેમને કાગળો લખીને પૈસા મંગાવતા. તેની મને બહુ વાર પછી ખબર પડી. આ બધું મારે ભરપાઈ કરવાનું હતું. વળી, તેમાંની કેટલીક રકમ તો સગાંવહાલાં પાસેથી પણ લેવામાં આવી હતી.

**ભાઈનું શરીર તો ગયું, પરંતુ માથે આ દેવું ઊભું રહ્યું. અને તે ભરવું કઈ રીતે ?** તે સમયે ગુજરાત હરિજન સેવક સંઘની સેવામાં આ જીવ હતો. જ્યારથી સેવાનું વ્રત લીધું હતું, ત્યારથી સેવા સિવાય બીજા કશા કર્મને સ્વીકારવું નહિ એવો તો દૃઢ મરણિયો નિશ્ચય હતો. તેવું વ્રત લેવાનું કારણ એ કે ગરીબાઈ એટલી બધી હતી કે મારી બા તથા મારાં મોટાં ભાભીને પણ બીજું કામ કરવું પડતું. તેઓ પોતાના ફાજલ સમયમાં તેવું કામ કરે, તે બધાંને માટે અને તેમને માટે પણ ઇષ્ટ હતું, પરંતુ મારી બાને એમ થતું કે 'દીકરો આટલું બધું ભણ્યો અને સારા ઓળખાણના સંબંધો છે અને લાગવગ છે અને તે બધાં દીકરાને ઠેકાણે પાડવાને માટે પ્રયત્ન કરવાને ઊલટાં રાજી થાય તેમ છે, છતાં તે કોઈ સારી નોકરી લેતો નથી ! ઠેકાણે પડી શકાય તેવી પૂરેપૂરી શક્યતા હતી જ, તેમ છતાં મારી તે બાબતમાં મુદ્દલે ઇચ્છા હતી નહિ અને થતી પણ નહિ. પરંતુ ઘણી વાર મારી બા આર્થિક તંગીની ભીંસને લીધે મને મહેણાંટોણાં મારે અને ગરીબાઈની ઉત્કટ લાગણીથી પ્રેરાઈને કદાચ પૈસા કમાવાની વૃત્તિ ઊપજે તો તેનાથી કરીને તણાઈ જવાનું ન બને એટલા માટે **સમજી કરીને મેં હાથમાં ગંગાજળ લઈને એકમાત્ર દેશની સેવા જ કરવાનું વ્રત લીધું હતું.** એવું વ્રત લીધાંથી મને કદી પણ મનમાં અસંતોષ થયો નથી કે ચણચણાટી થઈ નથી, પરંતુ આવી આર્થિક તંગીને લીધે ભાઈના શરીરના રોગને માટે

કરેલી દવાનું દેવું કેમ કરીને ફીટી શકશે, તેના વિચાર એટલા બધા મને વારંવાર ઉત્કટ સંવેદન પ્રગટાવતા કે ક્યાંય મને ચેન પડતું ન હતું ! તે ઋણ ફેડવાનો કોઈ માર્ગ મારે માટે ઉઘાડો હતો જ નહિ. એટલે તેવા વારંવાર ઊઠતા વિચારની ધોંસ એટલી બધી કેટલીક વાર તો પ્રગટતી કે તેથી વિહ્વળ થઈ જવાતું. **તેની સાથે માનસિક એવાં બીજાં પણ કારણો જીવનમાં પ્રગટ્યાં હતાં.** એક બાજુથી ગરીબાઈની તંગી અને બીજી બાજુથી દેવું ભરપાઈ કરવાની તાલાવેલી ઘણી હોવા છતાં તે ભરપાઈ કરવાની અશક્યતા. આમાંથી એક એવા પ્રકારનું ઘમસાણ પ્રગટ્યું, કે તે ઘમસાણની અસર શરીર પર પણ થઈ. **તેનાથી ફેફરુંનો રોગ શરીરને લાગુ પડ્યો.**

ત્યારે આ જીવ શ્રી ઇંદુલાલભાઈ યાજ્ઞિકની સાથે હરિજન સેવક સંઘનું (તે વખતના અંત્યજ સેવામંડળનું) જવાબદારીભર્યું કામ સંભાળતો હતો અને કરતો હતો. ગુજરાતની તે વખતની નીકળેલી બધી હરિજન સંસ્થાઓને દર માસે નાણાં મોકલવાં, તેનો હિસાબ રાખવો, બધી તેવી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરવો અને રાખવો, અને નડિયાદમાં સ્થપાયેલા હરિજન આશ્રમની વ્યવસ્થા તથા તે અંગેનું બધું કામકાજ કરવાનું અને આ ઉપરાંત, નડિયાદમાંની ગુજરાત વિદ્યાપીઠે સ્થાપેલી હરિજન શાળાનું કામ પણ મારે ભાગે આવેલું હતું. હાલ જેમ આશ્રમોની વ્યવસ્થા ચાલે છે, તેવી રીતે ત્યારે તેના વ્યવસ્થાપકને કામ કરવાનું ન હતું. તે વખતની કામગીરી બહુ ભારે હતી. ગુજરાતનાં બધાં સ્થળોએથી ત્યાં વિદ્યાર્થીઓ આવતા અને તે બધાં નાનાં નાનાં છોકરાંઓને હજી તો કેમ રહેવું, કેમ વર્તવું તથા સ્વચ્છતા કેમ જાળવવી તે વિશેના કંઈ કશા સંસ્કારની પરિપાટી ચાલુ તો થયેલી હતી જ નહિ. પાણી પણ જાતે ભરવાનું, અને રાંધવાનું પણ જાતે. **ભાઈ પરીક્ષિતલાલ હજી ત્યારે તેમાં જોડાયા ન હતા.** આવાં બધાં કામની પણ ભારે જવાબદારી અને કામ પણ સખત. **તેને લીધે પણ માનસિક ખેંચ પ્રગટતી.** તે કાળમાં જાહેર કૂવેથી છડેચોક હરિજન બાળકોને હાથે પાણી ભરાવવાનું થવું કે કરવું એ પણ એક મુસીબતનું કામ હતું. મિશન હૉસ્પિટલથી દોઢેક ફર્લાંગ ડભાણને રસ્તે આ હરિજન આશ્રમ હતો. અને ત્યાંથી પણ અડધાએક ફર્લાંગ દૂર રામ તલાવડી પર એક હિંદુઓનો જાહેર કૂવો હતો. ત્યાંથી આગળપાછળના બધા ખેડૂતો પાણી ભરી જતા. ખ્રિસ્તી ભાઈઓ માટે તો એક અલાયદો કૂવો ખ્રિસ્તી ભાઈઓએ બંધાવ્યો હતો, પરંતુ ભગવાનની કૃપાથી અમે તો સાહસ કરીને તે હિંદુઓના કૂવે જ પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. ખેડૂતો અમને ઘણી વાર તે કૂવેથી પાણી ભરવાને માટે માર મારવાની ખૂબ ધમકી આપતા અને કોઈ કોઈ વાર તો તેવા પ્રસંગ પણ ઊભા થઈ જતા. તોપણ સાહસ, હિંમત રાખીને તે કૂવેથી પાણી ભરવાનું ચાલુ રાખ્યું હતું. સને ૧૯૨૨-’૨૩માં હરિજનો માટે હિંદુ સમાજમાં આજના કરતાં ઘણી વધારે ઉત્કટ સૂગ હતી. તેથી આ ખેડૂત ભાઈઓ આશ્રમનાં બાળકોને કંઈક કશું કરી બેસે એવી પૂરી શક્યતા હતી. તેમની ધમકીની વારંવાર છૂટતી બુમરાણથી ‘બાળકોને કંઈ કશું થશે તો શું ?’ એવું પણ ત્યારે સતત લાગ્યા કરતું. વળી આ ઉપરાંત, જાહેર તળાવમાં પણ ખુલ્લી રીતે હરિજનોનાં બાળકો છે તેમ જાહેરપણે હકીકત જણાવીને વિદ્યાર્થીઓને ત્યાં નવરાવવાનું થતું. નડિયાદના બાગ આગળ જે તળાવ છે, ત્યાં એકધારું જમીનમાંથી ઊનું પાણી નીકળીને નાના ધોધના પ્રવાહરૂપે તળાવમાં પડ્યા કરે છે. ત્યાં બધા

**(અનુસંધાન પૃ. ૨૪ પર)**

## (૧૧) નામસ્મરણથી રોગ મટ્યાની 'થીઅરી'

શ્રીમોટા

*(કેટલાંક પરિબળો અને પરિસ્થિતિના કારણે શ્રીમોટાને ફેફરુંનો રોગ થયો હતો. તેનાથી કંટાળી નર્મદા મૈયામાં ઝંપલાવેલું. પણ કોઈ અગમ્ય કારણોસર તેઓશ્રી ઊગરી ગયા હતા. એક સાધુપુરુષે રોગ મટાડવા કાનમાં 'હરિઃૐ' કહી એ મંત્રનો જપ-નામસ્મરણ કરવાનું કહેલું. પણ સાધુના વચન કરતાં ગાંધીજી અને આધ્યાત્મિક મા પ્રભાબાના વચનનો સ્વીકાર કરી શ્રીમોટાએ નામસ્મરણ શરૂ કરેલું અને ફેફરુંનો રોગ મટ્યો હતો.-સંપાદક)*

આમ, ફેફરુંનો રોગ તો મટ્યો. એટલે મેં વિચાર કરવા માંડ્યો કે આ ભગવાનનું નામ લેવાથી આ રોગ કેમ મટ્યો ? એનું કારણ શું ? દરેક કર્મની પાછળ કોઈ ને કોઈ કારણ રહેલું છે. એ કારણ ભલે છૂપું હોય, સૂક્ષ્મ હોય, પણ કોઈ ને કોઈ કારણ તો હોવું જ જોઈએ. તો એ કયું કારણ ? એને વિશે બહુ વિચાર કરવા લાગ્યો. ઘણા બધા મહાત્મા પુરુષોને પૂછ્યું.

તે કાળના વિદ્યાનંદજી બહુ પ્રખ્યાત. બીજા એક ગોદડિયા મહારાજ હતા. પછી પ્રજ્ઞાચક્ષુ હાલ ગંગેશ્વરાનંદ મહારાજ છે. બીજા એવા જ જાનકીદાસ મહારાજ હતા. એવા બધાયને પૂછી વળેલો. એ કોઈના જવાબથી મને સંતોષ ન થયો. એ તો કહે 'શ્રદ્ધાથી ભગવાનનું નામ લે અને જે ભાવના હોય તે ફળે.' સામાન્ય રીતે તો આ જ એક stereo typed (એકસરખા) જવાબ મળે.

ભગવાનના નામના શબ્દને સ્ફોટ થવાનું જ્યાં કેંદ્ર છે ત્યાં શબ્દ બોલતાં વિસ્ફોટ થતો હોય છે. પછી આ તો બધું પળવારમાં બની જાય છે. પળનીયે પળની અંદર બની જતું હોય છે. પણ જ્યાં આગળ આ અવાજ સ્ફોટ થાય છે, વ્યક્ત થાય છે, તેની આગળપાછળ પણ જ્ઞાનતંતુઓના અનેક જાતનાં કેંદ્રો છે. જ્ઞાનતંતુઓ પણ એક જાતના નથી હોતા. ઘણી જાતના જ્ઞાનતંતુઓ છે. એ જ્ઞાનતંતુઓનાં કેંદ્રો આગળપાછળ રહેલાં છે. અવાજ જે સ્ફોટ થાય એ અવાજનાં મોજાંઓ આગળ-પાછળના જ્ઞાનતંતુઓના અનેક પ્રકારનાં કેંદ્રોને પણ સ્પર્શ્યા કરે છે.

**એ ઉપરથી મેં એક થીઅરી ખોળી કાઢેલી.** પાંચ તત્ત્વો છે-આકાશ, તેજ, વા, જળ અને પૃથ્વી. આ પાંચ તત્ત્વોનું આપણું શરીર બનેલું છે. હવે આ પાંચ તત્ત્વોની પાંચ તન્માત્રા છે. આકાશનો શબ્દ, તેજનું રૂપ, વાનો સ્પર્શ, જળનો રસ, પૃથ્વીની સુવાસ.

આ પાંચ તત્ત્વોને ત્રણ ગુણ-સાથે સંબંધ છે. આકાશને સત્ત્વની સાથે તેજ અને વાને રજસ સાથે અને જળ અને પૃથ્વીને તમસ સાથે. આકાશ અને શબ્દ આપણામાં એકાકાર થાય ત્યારે આકાશ મોખરે આવે એ તો સમજાય તેવી વાત છે. તે સમયે રજસ અને તમસ ગૌણ બને. કામક્રોધાદિ વિષયો રજસ અને તમસ સાથે સંકળાયેલ હોવાથી જ્યારે રજસ-તમસ ગૌણ બને ત્યારે કામક્રોધાદિ પણ ઘટે. હું નદી કિનારે ધ્યાનમાં બેઠેલો ત્યારે મને આ જ્ઞાન થયેલું. મેં મહાત્મા ગાંધીને આ વાત કરી તેઓ બહુ ખુશ થયેલા. તેમણે મને લખ્યું, **'છોકરા, તું આધ્યાત્મિક વિજ્ઞાનનો સાયન્ટિસ થજે.** આ દુનિયામાં ઘણા બધા સાયન્ટિસ થયા છે. પણ આ આધ્યાત્મિક વિજ્ઞાનનો તું સાયન્ટિસ્ટ-વિજ્ઞાની થઈશ. આ તો તેં બહુ સુંદર ખોળ્યું. આ તો બહ રૅશનલ છે. સ્મરણ ઉપરના આ વિવરણથી મને યોગ્ય રીતે સમજાય છે કે સ્મરણને શાથી યજ્ઞ કહ્યો છે.'

'ભગતમાં ભગવાન', પુનર્મુદ્રણ-૨૦૦૮, પૃ. ૪૮ ❑

## (૧૨) શરત

ભાવાનુવાદ : બાબુ સરકાર

મોસ્કોમાં બે મિત્રો હતા. એક અતિ સમૃદ્ધ હતો અને બીજો સાધારણ સ્થિતિનો હતો. એક દિવસ સમૃદ્ધ મિત્રના 'ફાર્મ હાઉસ' ઉપર બંને મિત્રો ભેગા થઈ ગયા. ખેતરમાં લટાર મારતાં મારતાં સમૃદ્ધ મિત્રને એક વિચાર સ્ફુર્યો. એણે પૂછ્યું કે મારા આ ફાર્મ હાઉસ ઉપર કોઈ એક વરસ માટે એકલો રહી શકે ? બીજાએ જવાબ આપ્યો કે કદાચ કોઈ એવી વ્યક્તિ હોય તો તે રહી શકે ! એવી કોઈક વ્યક્તિ હશે તો ખરી જ.

એટલે ખેતરના માલિકે મિત્રને જ સીધો સવાલ કર્યો કે બોલ ! તું પોતે એ પ્રમાણે રહી શકે ? 'હું તને બરાબર ઓળખું છું. તું ના જ રહી શકે !'

'આવો વિચાર તને કેમ આવે છે ! કદાચ હું રહી પણ શકું !'

'જો તું રહી શકે તો હું શરત લગાઉં છું કે એક વર્ષ માટે તું એકલો આ ફાર્મ હાઉસ ઉપર રહી શકે તો મારું આ ફાર્મ હાઉસ મકાન સહિત તને ભેટમાં આપી દઉં ! આની કિંમત એક લાખ રૂબલ છે.'

'હું તૈયાર છું. શર્ત મને મંજૂર છે.'

'તારે કોઈને પણ મળવાનું નહિ.'

'હા, હું તદ્દન એકાંતમાં રહીશ પણ મારી બધી અંદરની જરૂરિયાતો તારે પૂરી પાડવાની.'

અને તે દિવસથી એ મિત્રનું એ ફાર્મ હાઉસ ઉપર એકલા-એકાંતમાં મૌનજીવન શરૂ થયું.

પહેલું અઠવાડિયું બહુ ઉત્પાતમાં માંડ માંડ પસાર થયું. એને લાગ્યું કે એણે મોટી ભૂલ કરી છે. ક્યારે મૂઠીઓ વાળીને માથાને ઠોકતો એને વિચાર આવ્યો કે બહાર નીકળી જાઉં. અને હાર કબૂલ કરું ! પોતાને તો કશું જ ગુમાવવાનું હતું નહિ.

પણ એને વિચાર આવ્યો કે જરાક હિંમત રાખું. શાંત ને સ્થિર બુદ્ધિથી વિચારું અને થોડાક વધારે દિવસ આ મૌનજીવન લંબાવી જોઉં. ઉતાવળ કરવાની જરૂર નથી.

એમ કરતાં કરતાં એને વિચાર આવ્યો કે બહાર નીકળવાની કે બીજા કોઈની સાથે વાતચીત કરવાની મનાઈ છે, પરંતુ પુસ્તકો નહિ વાંચવાની કોઈ પૂર્વ શરત નથી. એટલે પેલા મિત્ર દ્વારા એણે પુસ્તકો મંગાવવાનું શરૂ કર્યું.

સૌપ્રથમ જ્યોગ્રાફી-ભૂગોળનાં પુસ્તકો મંગાવ્યાં. દુનિયાના અનેક દેશોની જાણકારી મળ્યા બાદ એણે ઇતિહાસનાં પુસ્તકો મંગાવ્યાં. ઇતિહાસ વાંચવામાં એને રસ પડ્યો અને એમાં ઘણા દિવસો પસાર થઈ ગયા. વાંચનમાં રસ પડવા માંડ્યો. નવું નવું જાણવાનું મળવા માંડ્યું. ત્યાર બાદ ફીઝિક્સ અને કેમેસ્ટ્રી મંગાવ્યાં. તેમાં રસ ન પડ્યો ઊલટાનો કંટાળો આવ્યો. જાણે કે નવી બલા ઊભી થઈ.

એણે ફેર વિચાર કર્યો અને આમાં બેએક મહિના પસાર થઈ ગયા હતા એટલે તેણે ફિલોસોફી અને સાઇકૉલૉજીનાં પુસ્તકો મંગાવ્યાં. આ પુસ્તકો વાંચવામાં એને રસ પડવા માંડ્યો. તે પછી આધ્યાત્મિક જીવનનાં પુસ્તકો મંગાવવાં શરૂ કર્યાં. બધાં ધર્મોનાં પુસ્તકો મંગાવવાં શરૂ કર્યાં.

છેલ્લે મહાપુરુષોનાં જીવનચરિત્રો તેમની જીવન-કથાઓ-આત્મકથાઓ વાંચવાં માંડ્યાં. આમ બધું વાંચતાં વાંચતાં એને સમજાયું કે અભ્યાસનો તો કોઈ અંત જ નથી. એને માટે એક જીવન પૂરું ન પડે.

જોત જોતામાં અગિયાર મહિનાનો સમય પસાર થઈ ગયો. પેલા મિત્રને ફાળ પડી કે રખેને એ

મિત્રની એકાંતમાં રહેવાની એક વર્ષની મુદત એ પૂરી પણ કરે ? અને એ રીતે એ શર્ત જીતી જશે. જોકે હજી એક મહિનો બાકી છે અને કદાચ છેલ્લે એ થાકીને હારી પણ જઈ શકે. એમ કરતાં કરતાં ૩૬૪ દિવસ પસાર થઈ ગયા. છેલ્લો એક જ દિવસ બાકી રહ્યો.

૩૬૫મા દિવસનું સવાર પડ્યું. આ છેલ્લો દિવસ પેલા મિત્રે પૂરો કરવાનો હવે બાકી રહ્યો હતો. ખેતરના માલિકના મનમાં ભય પેદા થયો કે હું શરત હારી જઈશ અને ફાર્મ હાઉસના મકાન સાથેનું ખેતર એ જીતી જશે. એનો એને એક જ ઉપાય સૂઝ્યો. એ છેલ્લા દિવસનું સવાર થતાં તેણે એની રિવૉલ્વર લીધી અને સાથે ત્રણ ગોળી પણ લીધી. જો પેલાનો ચોકીદાર એને રોકે તો એક ગોળીથી એને મારી નાખવાનું આયોજન વિચારેલું. પણ તે ત્યાં દેખાયો જ નહિ. કદાચ ચા-નાસ્તા માટે કે દારૂ માટે ગયો હશે. એને પોતાના મનનો ભાર વધી રહ્યાનો અનુભવ થયો.

એ પછી એ સીધો ફાર્મ હાઉસ તરફ ગયો. દરવાજે ટકોરા મારવાની જરૂર જ ન પડી. એ ખુલ્લો હતો એને પોતાનું કામ સરળ લાગવા માંડ્યું અને સીધો અંદર ઘૂસી ગયો. સવારના અંધારામાં એની નજર પુસ્તકોના ઢગલા ઉપર પડી. રિવૉલ્વરને બરાબર પકડીને એ આગળ વધ્યો ત્યાં ખુરશી-ટેબલ એની નજરે પડ્યાં પણ તે ખાલી હતાં. પેલો માણસ ત્યાં દેખાયો નહિ. એ વિચારમાં પડી ગયો કે એ ક્યાં હશે ? ક્યાં ગયો હશે ?

ટેબલ નજીક પહોંચતાં આછા અંધારામાં એક કાગળ ઉપર એની નજર પડી. એ કાગળ તરત જ એણે ઊંચકી લીધો અને બહારના અજવાળામાં જઈને વાંચવા માંડ્યો. તેમાં લખ્યું હતું કે :-

'હું ૩૬૪મા દિવસની રાત્રિએ જ મૌન એકાંતમાંથી બહાર આવી ગયો છું. એક જ કારણસર કે તને હારવું ન પડે. મને તારી મિલકતની જરૂર નથી. મારે એ જોઈતી પણ નથી. ૩૬૪ દિવસના મૌનએકાંત દરમિયાન ઘણું ઘણું મળ્યું છે, જે મને મારા શેષ જીવનમાં ઘણું ઉપયોગી નીવડશે. મારા જીવનનું એ જ સાચું ધન છે. મારી તને એક જ વિનંતી છે કે મારા વિશે ક્યાંય પૂછપરછ કે તપાસ કરીશ નહિ, મને શોધવાની કોઈ જ કોશિશ તારે ન કરવી. તેમ જ મારા વિશે કોઈની પણ સાથે કોઈ જ પ્રકારની વાતચીત કે ચર્ચા પણ કરવી નહિ.'

બસ મારી છેલ્લી અલવિદા છે તને !

'એન્ટન છેકો' રૂસી લેખકની વાર્તાનો ભાવાનુવાદ ❑

## ગયેલા આત્માને...

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને ડેન્ટલ સર્જન શ્રી નરેન્દ્રભાઈ આર. પટેલનો અમેરિકા ખાતે તા. ૧૧-૭-૨૦૧૪ના રોજ દેહાંત થયો છે. સુરત મુકામે સદ્ગતને શ્રદ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ તા. ૨૭-૮-૨૦૧૪ના રોજ યોજાયો હતો.**

**સને ૧૯૯૬માં પૂજ્ય શ્રીમોટાના રામનવમીના ઉત્સવ પ્રસંગે તેઓશ્રી તરફથી શ્રીહરિચરણે રૂપિયા એક લાખ અર્પણ કરાયા હતા. સદ્ગતના પરિવાર તરફથી પૂજ્ય શ્રીમોટા પ્રેરિત સત્કાર્યો માટે હરિઃૐ આશ્રમ, સુરતને હાલમાં રૂપિયા એક લાખનો સહયોગ અપાયો છે.**

**શ્રીહરિ ગતાત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના છે.**

**-સંપાદક**

## (૧૩) સંતની ચાની પ્રસાદી

**પ્રભુદાસ જાની**

પૂજ્ય શ્રીમોટાના પ્રથમ સંપર્કમાં આવેલા મારા બાળસખા સદ્ગત શ્રી સુરેશભાઈ સંત, શ્રીમોટાના સંપર્કમાં હું આવું એવી સદ્ભાવપૂર્વકની ઝંખના સને ૧૯૬૧-૧૯૬૨ના અરસામાં સતત સેવતા હતા. પરંતુ સાધુસંતો પ્રત્યેના કોઈ અગમ્ય કારણોના કારણે મનોમન જે પૂર્વગ્રહ પડેલો હશે તેના લીધે મારા ખ્યાલ પ્રમાણે કેટલાંક વર્ષો સુધી શ્રીમોટાને મળવાનું મેં ટાળેલું-ગણકારેલું નહિ. પણ મિત્રની ભાવના બળવત્તર હોવાના કારણે મિત્રને ખાતર જ શ્રીમોટાને મળવાનું મેં મન મનાવેલું. એ મિત્ર સાથે સુરત આશ્રમે જતાં પૂજ્ય શ્રીમોટાને પ્રથમ વખત મળવાનું થયું હતું. અમે સુરત સ્ટેશનેથી આશ્રમ ચાલતા પહોંચ્યા હતા.

પછી તો અમદાવાદ ખાતે શ્રીમોટાની પધરામણી જ્યાં હોય ત્યાં એ મિત્ર મને એમના સ્કૂટર ઉપર લઈ જાય. એમાંય ખાસ કરીને વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં જવાનું બનતું ત્યારે શ્રીમોટા માટે ચાની કીટલી યજમાન-સ્વજન તરફથી શ્રીમોટા સમક્ષ મુકાય ત્યારે શ્રીમોટા રકાબીમાં ચા કાઢે અને એ ચાની રકાબી પ્રથમ પોતાના કપાળ સુધી લઈ જઈ કંઈક શુભસંકલ્પ મનોમન કરીને જે જે સ્વજનો ઉપસ્થિત હોય તેઓને વારાફરતી ચાની રકાબી ધરતા હતા. પણ એકની એક જ રકાબીમાં બીજી વખત થોડી ચા કાઢી એ જ વિધિ ફરીથી કરીને બીજાને ચા ધરતા હતા. ઘણાં સ્વજનોને આનો જાત અનુભવ છે.

મહાજન બુક ડેપોવાળા શ્રી ચીમનભાઈ મહાજન, ગુરુકૃપા ગેસ્ટ હાઉસવાળા શ્રી ઇંદ્રવદન શૅરદલાલ અને શ્રી કે. એમ. કાંટાવાળા સાહેબના ત્યાં સવિશેષ રીતે જવાનું બનતું, ક્યારેક નડિયાદ આશ્રમે અમે મિત્રો ગયા હોઈએ તો વહેલી સવારે આ પ્રકારે કાર્યક્રમ થતો.

એ ચાનો સ્વીકાર કરતી વખતે શરૂમાં એ દિવસોમાં મારો જે મનોભાવ રહેતો હતો તે આટલાં વર્ષે પણ હજી ભુલાયો નથી. એક રૂઢિગત સંસ્કારનું પરિબળ કામ કરતું હોય એ રીતે એકની એક રકાબીમાં શ્રીમોટા બધાને ચાની પ્રસાદી આપતા હતા તે પ્રત્યે સહેજ અણગમો મનના ઊંડાણમાં રહેતો હતો. આ 'પ્રસાદી' શબ્દ તો હવે મારા આધારમાં ઉદય પામ્યો છે, બાકી તે વખતે તો 'ચા' તરીકે જ ગણતો હતો. એક વ્યક્તિ જે રકાબીમાં ચા પીવે એટલે એ રકાબી એંઠી થઈ ગણાય. પછી બીજી વ્યક્તિને કાં તો બીજી રકાબીમાં ચા અપાય અથવા તો પેલી રકાબીને પાણીથી ધોઈને બીજાને તેમાં ચા અપાય એવી મારી તે વખતની પાકી સમજણ. આજે તો એને હું ગ્રંથિ જ ગણું.

પણ શ્રીમોટાને કશું કહેવાય તો નહિ ! એટલે મનોમન આછાપાતળા વિરોધ સાથે મૂંગા મૂંગા એ ચાનો સ્વીકાર કરાતો હતો. મને બરાબર યાદ છે કે પ્રારંભના સંપર્ક પછી અનેક વખતે વહેલી સવારે એકની એક જ રકાબીમાં ચા પીવાના પ્રસંગ બનતા.

આ ચા પીવાની ઘટના સાથે એક અન્ય વાત પણ યાદ આવે છે. વહેલી સવારે ચા તૈયાર થઈને આવે તે પહેલા શ્રીમોટાના બંને પગે કોઈ ને કોઈ તેલની માલિસ અમે ઉપસ્થિત મિત્રો કરતા હતા. શ્રીમોટાના પગને 'શ્રીગુરુચરણ' કહેવાય-મનાય એવો ભાવ એ વખતે ઊગેલો નહિ. આડા તકિયા ઉપર શ્રીમોટાએ પગ મૂકેલા હોય. શ્રીમોટાની સેવામાં સાથે રહેતા શ્રી ડાહીબહેન અમને નાની વાડકીમાં તેલ આપે અને અમે માલિસ કરીએ. આ માલિસમાં મિત્ર સુરેશભાઈ સંત, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ જાની વગેરે સામેલ થતાં. બે પગને બે જણ માલિસ કરતા હોય ત્યારે ત્રીજાને

પોતાની કમરે, ચોથાને પોતાના માથામાં માલિસ કરવાનું પણ શ્રીમોટા સૂચવતા.

હવે આ માલિસ ચાલુ હોય અને ચાની કીટલી આવી જાય એટલે શ્રીમોટા અમને બધાને કહે કે ભાઈ પહેલાં બધા ચા પી લો નહિતર ઠંડી થઈ જશે. અને અમે બધા એ પ્રમાણે વચ્ચે ચા પી લેતા. આવું એક બે વખત બનેલું એમ નહિ. જ્યારે વચ્ચે ચા આવી જતી ત્યારે અચૂક એ પ્રમાણે શ્રીમોટા સૂચવતા.

ચાની પ્રસાદીવાળી વાત આગળ વધારું. શ્રીમોટાના સંપર્ક પછી આદરણીય શ્રી રમેશભાઈ ભટ્ટના આગ્રહથી અને તે પણ અનેક વખત કહેવાયા બાદ ઘણા વિલંબ બાદ પૂજ્ય શ્રી દાસાનુદાસના સંપર્કમાં આવવાનું મારે બન્યું. આજે તો એને સદ્‌ભાગ્ય જ ગણું છું. શ્રીમોટા આપણને મળ્યા છે એટલે હવે અન્ય કોઈ સાધુસંગની જરૂર નથી એમ હું માનતો હતો.

હવે પૂજ્ય દાસાનુદાસ પણ બધાને ચાની પ્રસાદી આપે. શ્રીમોટાની ચા આપવાની રીત કરતાં ઘણી જ ન્યારી રીત શ્રી દાસાનુદાસની હતી. તેઓશ્રી એક રકાબીમાં ચા કાઢે, પોતે થોડીક ફૂંક મારે અને સામે જે હોય તેને એ રકાબીમાંથી ચાની સહેજ ચૂસકી-સીપ લેવાનું કહેતા. તે પછી એ જ રકાબી અને એમાં જ વધેલી ચામાંથી બીજાને ચૂસકી લેવાનું કહેતા. આમ જે ત્રણ-ચાર જણા હોય તે સૌને એક જ રકાબીમાં કાઢેલી ચામાંથી ચાની ચૂસકી લેવાની થતી. વિવેકથી થોડી નાની સરખી ચૂસકી લેવાઈ હોય તો પૂજ્ય બાપજી એ રકાબીનો બીજો રાઉન્ડ પણ કરતા. વચ્ચે પોતે પણ એમાંથી ચૂસકી લેતા.

આ ઘટના વખતે શ્રીમોટા સાથે ચાની પ્રસાદી લીધાના જે સંસ્કાર પડ્યા હતા તેના કારણે અને કેટલાંક વર્ષો પછી આ બનેલું એટલે ગ્રંથિ પણ સહેજ ઢીલી પડી હશે એ કારણે મનોમનનો વિરોધ એટલો તીવ્ર રહેતો નહોતો અને આનંદ સાથે એક જ રકાબીમાંથી એની એ જ એંઠી ચાની ચૂસકી લેવાતી હતી.

આપણી મનોભૂમિકામાં જે સંસ્કાર દૃઢ પડેલા હોય તેમાં સાધુ-સંતોના સંપર્ક કે સમાગમના સંસ્કારથી જે થોડીક પણ મોળાશ પ્રગટે છે એ અંગેના મારા જીવનના આ અતિ અલ્પ પ્રસંગની વિગત આલેખી છે. એમાં પણ કેંદ્રમાં સાધુસંતના સ્પર્શની અસરની વાત જ ઉપસાવવાનો ઉદ્દેશ રહેલો છે. હરિઃૐ. ❑

---

**ફેફરુંના કારણે** **(અનુસંધાન પૃ. ૧૯નું ચાલુ)**

વિદ્યાર્થીઓની સ્નાનવિધિ રોજ પતાવવાનું થતું, એટલે ત્યાં પણ હિંદુભાઈઓની સાથે રોજ ભારે બોલાચાલી થયા કરતી.

આની પણ એક પ્રકારની ભારે ખેંચ પડતી. માનસિક ખેંચના અને તાણના **આવા પ્રસંગોથી કરીને પણ આ શરીરને ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો.** જતાં આવતાં કેટલીયે વાર સાઇકલ પરથી ભારે પછાડ ખાઈને પડી જવાનું બનતું. કેટલીયે વાર સંસ્થાનું નાણું ગજવામાં હોવા છતાં પ્રભુકૃપાથી જે બચી જવાયું છે, તે માટે તે વેળાએ તો ભગવાનનો આભાર માની શકવાનું દિલ પ્રેમભક્તિભરેલું જાગી ગયેલું ન હતું, પરંતુ આજે હવે મને સ્પષ્ટ રીતે તે દીવા જેવું સમજાય છે કે તે હજાર હાથવાળો અને હજાર આંખવાળો સમર્થ ધણી મારી બધા પ્રકારે ત્યારે પણ સંભાળ રાખ્યા કરતો હતો અને મારું રક્ષણ કર્યા કરતો હતો. એની કૃપાથી હું આત્મવિશ્વાસ પ્રગટાવી આવા સંજોગોમાં પણ મારું વ્રત જાળવી શક્યો હતો.

'જીવન દર્શન', પ્ર.આ., પૃ. ૧૮૬ ❑

## (૧૪) 'સાવિત્રી' : એક પરિચય

શ્રી અંબાલાલ પુરાણી

*(શ્રીઅરવિંદની કલમ દ્વારા જે 'સાવિત્રી' મહાકાવ્ય ઊતરી આવ્યું છે, તેની સામાન્ય જાણકારી મળી રહે, એ ભાવનાથી શ્રી અંબાલાલ પુરાણીનો જે લેખ જુલાઈ, ૨૦૧૪ના 'અર્પણ' પત્રિકામાં પ્રકાશિત થયો છે, તેનો સંકલિત સારભાગ રજૂ કરવાનો આ પ્રયાસ છે. -**સંપાદક**)*

સાવિત્રીની પુરાણકથા એટલી સુવિદિત છે કે વિગતવાર તે આપવાની જરૂર નથી.

'મહાભારત'ના આરણ્યક પર્વમાં ૨૪૮મા અધ્યાયથી તેની શરૂઆત થાય છે. મદ્ર દેશનો રાજા અશ્વપતિ સંતાન વગરનો હતો. સંતાનની પ્રાપ્તિ માટે એણે તપસ્યા શરૂ કરી. અઢાર વર્ષની તપસ્યાને પરિણામે યજ્ઞની વેદીમાંથી સાવિત્રી દેવી પ્રસન્ન થયાં ને વરદાનમાં જણાવ્યું કે બ્રહ્માજી એને પુત્ર આપશે અને પોતાના વિશિષ્ટ પ્રસાદ તરીકે એક પુત્રી થશે.

સાવિત્રીદેવીની કૃપાથી પુત્રીનો જન્મ થતાં તેને 'સાવિત્રી' એવું નામ અપાયું. એના શરીરનો રંગ સુવર્ણરંગી હતો અને દેખાવમાં દેવકન્યા જેવી હતી. બાલ્યાવસ્થા વટાવીને સાવિત્રીએ યૌવનમાં પ્રવેશ કર્યો ત્યારે એના પિતાને એનો વિવાહ કરવામાં મુશ્કેલી નડી. સાવિત્રીનું વ્યક્તિત્વ જાજરમાન હતું એટલે એને પત્ની તરીકે સ્વીકારવા યુવકો તૈયાર થતા ન હતા. એટલે પિતા અશ્વપતિએ દેશાટન કરી પોતે જ પોતાના જીવનસાથીની પસંદગી કરવા જણાવ્યું. રાજ્યના એક અધિકારી સાથે જુદા જુદા દેશોમાં જવાની સગવડ કરી આપી. બે વર્ષથી પણ વધારે સમય પછી સાવિત્રી પાછી ફરી.

અંધાપાના કારણે રાજાદ્યુમત્સેનનું રાજ્ય દુશ્મનોએ પડાવી લીધું હતું. તેનો કુમાર સત્યવાન બુદ્ધિશાળી, શૂરવીર, ઉદાર અને ક્ષમાવાન હતો. તપોવનમાં આશ્રમ કરીને તેઓ રહેતા હતા. સાવિત્રીએ પોતાના જીવનસાથી તરીકે આ સત્યવાનની પસંદગી કરી છે એ વાત એણે માતાપિતાને કરી. તે સમયે નારદ ઋષિ ત્યાં ઉપસ્થિત હતા.

દેવર્ષિ નારદ ઋષિ જ્યોતિષ પણ જાણતા હતા એટલે સત્યવાન-સાવિત્રીના વિવાહ વિશે પૂછતાં નારદ ઋષિએ જણાવ્યું કે સત્યવાન બધી રીતે લાયક યુવાન છે, પરંતુ એનું આયુષ્ય હવે એક વર્ષનું જ હોવાથી તે મુદતમાં તે મૃત્યુ પામશે. માતાની ઘણી આગ્રહભરી સમજાવટ છતાં અને નારદની કઠોર ભવિષ્યવાણી છતાં સાવિત્રી પોતાના સંકલ્પમાં દૃઢ રહી. આખરે એનાં માતાપિતાએ એની પસંદગીનો સ્વીકાર કર્યો અને સત્યવાન સાથે એનું લગ્ન થયું.

લગ્ન બાદ તરત જ સાવિત્રી સત્યવાન રહેતો હતો તે આશ્રમમાં રહેવા ગઈ અને ત્યાંના સરળ અને શ્રમભર્યા જીવનનો સ્વીકાર કરીને દિવસો ગાળવા લાગી. આમ તો સત્યવાન સાથે લગ્ન થયાં હોવાથી તે ખૂબ સુખી હતી છતાં નારદની ભવિષ્યવાણી એક ક્ષણ માટે પણ તે ભૂલી શકી નહિ. પોતાના જીવનના કટોકટીના પ્રસંગ માટે તે પોતાની જાતને તૈયાર કરતી હતી અને વર્ષના છેલ્લા ત્રણ દિવસ એક પગ પર ઊભા રહી એણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા. છેલ્લે દિવસે રોજના કાર્યક્રમ પેઠે સત્યવાન જંગલમાં સમિધ લેવા માટે જતો હતો ત્યારે સાવિત્રીએ પણ તેની સાથે જવાનો આગ્રહ કર્યો. તે દિવસે સત્યવાન એકલો જોખમ

ખેડવા જાય એ માટે એ રાજી ન હતી. 'મારે જંગલ જોવું છે' એવી આગ્રહભરી આજીજી કરીને સાવિત્રીએ સત્યવાનનાં માતાપિતા પાસેથી અનુમતિ મેળવી લીધી. ખરું જોતાં સત્યવાનના ભાવિ વિશે એનું મન એટલું બધું રોકાયેલું હતું કે સત્યવાન બતાવતો હતો તે જંગલમાંની વસ્તુઓ ભાગ્યે જ તે જોતી હતી.

જંગલમાં એક જગ્યાએ અટકીને સત્યવાને સમિધ કાપવાની શરૂઆત કરી એટલામાં એના માથામાં ખૂબ દર્દ ઊપડ્યું અને સાવિત્રીના ખોળામાં માથું મૂકીને આરામ થાય તે માટે રાહ જોતો સૂતો. થોડીવાર પછી તે અચેતન થઈ ગયો અને સાવિત્રીએ યમરાજને પોતાની સામે ઊભેલા જોયા. સત્યવાનના જીવનનો સમય પૂરો થયો હોવાથી એને લેવાને પોતે આવ્યા છે એમ જણાવીને સત્યવાનના આત્માને તેમણે પોતાના પાશમાં લીધો. સાવિત્રી યમરાજની પાછળ પાછળ ચાલવા માંડી અને યમરાજ સાથે પ્રશ્નોત્તર કરતાં યમરાજ પ્રસન્ન થયા અને એને સાત વરદાન આપ્યાં, જેમાંનું છેલ્લું વરદાન સત્યવાનના જીવનનું દાન હતું. આ રીતે મૃત્યુ ઉપર વિજય મેળવીને સાવિત્રી અને સત્યવાન તપોવનમાં પાછાં ફર્યાં.

મહાભારતની વાર્તામાં ત્યાર પછી સત્યવાન પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવે છે અને નિર્વિઘ્નપણે રાજ ચલાવે છે એમ જણાવાયું છે.

મૂળની આ વાર્તા 'સાવિત્રી' મહાકાવ્યમાં જેવી ને તેવી કાયમ રહે છે. એ વાર્તાનું વસ્તુ એવું છે કે એને સહેલાઈથી એક પ્રતીક તરીકે ઘટાવી શકાય. હકીકતમાં શ્રીઅરવિંદે એનું એક જીવંત પ્રતીકમાં રૂપાંતર કરી નાખ્યું છે. અલબત્ત, પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં તથા ત્રીજા, ચોથા અને પાંચમા સર્ગમાં શ્રીઅરવિંદ જગતની ઉત્પત્તિ વિશે તથા અશ્વપતિના પાત્ર વિશે અનુભવની નવી જ ભૂમિકા રજૂ કરે છે. આ કાવ્યમાં અશ્વપતિ એક સંતાનહીન રાજા મટી જઈને માનવતામાં પૃથ્વી ઉપર અવતરેલ કોઈ દિવ્ય સત્ત્વ તરીકે દેખાય છે. તે આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાન મેળવવા માટે માનવજાતિના પ્રતિનિધિ રૂપે તપસ્યા કરે છે.

બીજું પર્વ અશ્વપતિની જુદા જુદા વિશ્વોની યાત્રા વર્ણવે છે અને તેમાં સ્થૂળ, પાર્થિવ ભૂમિકામાંથી આરોહણ કરીને જુદા જુદા લોક વટાવીને છેવટે વિશ્વચેતના સુધી પહોંચી અને ત્યાંથી જે અપ્રગટ લોકો પૃથ્વી ઉપર પ્રગટ થઈ શકે તેવા છે, પરંતુ હજી સુધી પ્રગટતા નથી તેનું દર્શન એ કરે છે.

ત્રીજા પર્વમાં પ્રગટ વિશ્વથી પર ભૂમિકાઓમાં એ પ્રવેશ કરે છે અને ત્યાં **આખા વિશ્વનું સર્જન કરનાર આદ્યશક્તિ પાસે પહોંચે છે. સમગ્ર માનવજાતિની દર્દભરી આરજૂ તે જગદંબા આગળ રજૂ કરે છે અને અજ્ઞાન તથા મૃત્યુ પર વિજય મેળવવા માટે તેની સહાયની યાચના કરે છે.**

પરાશક્તિના પ્રતિનિધિરૂપ કોઈ માનવ અવતાર નહિ લે ત્યાં સુધી માનવ પોતે વિકટ પ્રશ્નોનો ઉકેલ કદી લાવી શકશે નહિ એમ કહીને તે પરાશક્તિના અવતાર માટે પ્રાર્થના કરે છે. જગદંબા એને વરદાન આપે છે. ત્યાર પછી સાવિત્રીનો જન્મ થાય છે.

પહેલા પર્વના બીજા સર્ગમાં 'આખા જગતની કામનાએ સાવિત્રીને જન્મ લેવાની ફરજ પાડી' એવું કવિ કહે છે તે આ રીતે સાચું ઠરે છે. સાવિત્રી કેવળ એક રાજકુમારી નહિ પરંતુ મહાશક્તિના આવિર્ભાવરૂપ-કૃપારૂપે માનવજાતિના દુઃખ, અજ્ઞાન વગેરેનો ભાર વહેવાને અને અજ્ઞાનના અંધકાર ઉપર વિજય મેળવવાને તેણે જન્મ લીધો છે.

'અર્પણ', જુલાઈ, ૨૦૧૪ માંથી સાભાર ❑

સુરતમાં સ્વજનોનું નામસ્મરણ,
તા. ૧૭-૮-૨૦૧૪, જન્માષ્ટમી





**HARIBHAV OCTOBER - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2014
valid upto 31-12-2014



**રેલખાતા તરફથી અનેક અગવડો ઉપરાંત, મુસાફરોની કુટેવો સુઘડ મુસાફરને સારુ ત્રીજા વર્ગની મુસાફરી સજારૂપ કરી નાખે છે.**

**ગમે ત્યાં થૂંકવું, ગમે ત્યાં કચરો નાખવો, ગમે તે વખતે બીડી ફૂંકવી, પાનજરદો ચાવવાં અને તેની પિચકારી બેઠા હોય ત્યાં જ મારવી, એંઠવાડ ભોંય ઉપર નાખવો, બરાડા પાડીને વાતો કરવી, જોડે બેઠેલાની દરકાર ન કરવી અને ભાષાની ગંદકી- આ તો સાર્વત્રિક અનુભવ છે.**

**- ગાંધીજી**

'સત્યના પ્રયોગો' (આત્મકથા), પુનર્મુદ્રણ-૨૦૦૨, પૃ. ૨૨

Printed and Published by **PRABHUDAS D. JANI** on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - **PRABHUDAS D. JANI**